સુવિચાર

માણસ ભલે લાખ સમજદાર હોય પણ જો કોઈની લાગણી ના સમજે તો એ સમજદારીનો કોઈ મતલબ જ નથી...

RNI Reg. GUJGUJ/2010/44893

યોથી જાગીરનો પડકાર

મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

રાજકોટમાં ઉતરાયણનું પર્વ બન્યું લોહીયાળ: અનૈતિક સંબંધનો કરૂણ અંજામ, યુવકની સરાજાહેર હત્યા P-4

Year-16, Issue-233 ■ DATE : 15-01-2026 THURSDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

મુંબઈ સહિત મહારાષ્ટ્રની ૨૯ મહાનગરપાલિકાની આજે ચૂંટણી

મહારાષ્ટ્રની ૨૯ મ્યુ-કોર્પો.ની ૨૮૬૯ બેઠકો પર ૩.૪૮ કરોડ મતદારોઃ ૧૫૯૩૧ ઉમેદવારોનું ભાવિ EVMમાં કેદ થશેઃ કાલે મતગણતરીઃ મુંબઈના ૨૭ વોર્ડની મહાનગરપાલિકા માટે રસપ્રદ જંગ

મુખ્ય સમાચાર, મુંબઈ

મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશન માટે મતદાન ચાલી રહ્યું છે અને સાંજે ૫૩૦ વાગ્યા સુધી ચાલુ રહેશે. આ ચૂંટણીઓમાં, જ્યારે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે અને અજિત પવારની પ્રતિષ્ઠા દાવ પર છે, ત્યારે ઠાકરે ભાઈઓ ઉદ્ધવ અને રાજના પક્ષોનું ગઠબંધન BMCમાં સત્તામાં પાછા ફરવાનો પ્રયાસ કરી રહ્યું છે. સલામત અને શાંતિપૂર્ણ ચૂંટણી માટે મુંબઈમાં ૨૮ હજાર પોલીસકર્મીઓને તૈનાત કરવામાં આવ્યા છે. મુંબઈમાં ૨૨૭ બેઠકો પર ચૂંટણીને સુચારુ રીતે ચલાવવા માટે ૬૪,૩૭૫ કર્મચારીઓની નિમણૂક કરવામાં આવી છે. મુંબઈ સહિત મહારાષ્ટ્રના ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં કુલ ૨,૮૬૯ બેઠકો માટે ચૂંટણી યોજાઈ રહી છે. આમાં કુલ ૩.૪૮ કરોડ મતદારો છે, જેમાં ૧.૮૧ કરોડ પુરુષો, ૧.૬૬ મહિલાઓ અને ૪ હજાર ૫૯૬ અન્ય મતદારોનો સમાવેશ થાય છે.

મુંબઈ ઉપરાંત, ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનો જ્યાં ચૂંટણી યોજાઈ રહી છે તેમાં મુંબઈ, થાણે, નવી મુંબઈ, ઉલ્હાસનગર, કલ્યાણ-ડોમ્બિવલી, ભિવંડી-નિઝામપુર, મીરા-ભાઈંદર, વસઈ-વિરાર, પનવેલ, નાસિક, માલેગાંવ, અહિલ્યાનગર, જલગાંવ, ધુલે, પૂણે, પિંપરી, કચ્છ, ઈગ્લેન્ડ, ચૌહાણ, સોલંકી વગેરેનો સમાવેશ થાય છે. સાંગલી-મિરાજ-કુપવાડ, છત્રપતિ સંભાજીનગર, નાંદેડ-વાઘાલા, પરભણી, જાલના, લાતુર, અમરાવતી, અકોલા, નાગપુર અને ચંદ્રપુર.

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના ૨૨૭ વોર્ડમાં કુલ ૧,૭૦૦ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે, જ્યારે મુંબઈમાં ૧.૦૩ કરોડથી વધુ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરી શકશે. શાંતિપૂર્ણ મતદાન સુનિતિ કરવા માટે, મુંબઈ પોલીસે કડક સુરક્ષા વ્યવસ્થા કરી છે, વિવિધ સ્થળોએ બેરિકેડ ઉભા કર્યા છે અને વાહનોની તપાસ કરી છે.

ચૂંટણી પંચે મતદારોને સુવિધા આપવા માટે અનેક પહેલ કરી છે. મહિલાઓ દ્વારા સંચાલિત ગુલાબી મતદાન મથકો બનાવવામાં આવ્યા છે, અને વરિષ્ઠ નાગરિકોને મદદ કરવા માટે ખાસ ટીમો તૈનાત કરવામાં આવી છે. મહારાષ્ટ્રના રાજકીય પરિદૃશ્યમાં આ મ્યુનિસિપલ ચૂંટણીઓ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. ૨૦૨૨ માં શિવસેનાના વિભાજન પછી, આ ચૂંટણી ઠાકરે ભાઈઓ માટે એક મોટી કસોટી હશે, જે નક્કી કરે છે કે મુંબઈ અને રાજ્યમાં તેમનો રાજકીય પ્રભાવ અકબંધ રહેશે કે નહીં. મતગણતરી ૧૬ જાન્યુઆરીએ થશે.

મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશન માટે મતદાન ચાલી રહ્યું છે અને સાંજે ૫૩૦ વાગ્યા સુધી ચાલુ રહેશે. મુંબઈ ઉપરાંત, ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનો જ્યાં ચૂંટણી યોજાઈ રહી છે તેમાં મુંબઈ, થાણે, નવી મુંબઈ, ઉલ્હાસનગર, કલ્યાણ-ડોમ્બિવલી, ભિવંડી-નિઝામપુર, મીરા-ભાઈંદર, વસઈ-વિરાર, પનવેલ, નાસિક, માલેગાંવ, અહિલ્યાનગર, જલગાંવ, ધુલે, પૂણે, પિંપરી, કચ્છ, ઈગ્લેન્ડ, ચૌહાણ, સોલંકી વગેરેનો સમાવેશ થાય છે. સાંગલી-મિરાજ-કુપવાડ, છત્રપતિ સંભાજીનગર, નાંદેડ-વાઘાલા, પરભણી, જાલના, લાતુર, અમરાવતી, અકોલા, નાગપુર અને ચંદ્રપુર.

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના ૨૨૭ વોર્ડમાં કુલ ૧,૭૦૦ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે, જ્યારે મુંબઈના ૧.૦૩ કરોડથી વધુ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરી શકશે. શાંતિપૂર્ણ મતદાન સુનિતિ કરવા માટે, મુંબઈ પોલીસે કડક સુરક્ષા વ્યવસ્થા કરી છે, વિવિધ સ્થળોએ બેરિકેડ ઉભા કર્યા છે અને વાહનોનું ચેકિંગ કર્યું છે.

ચૂંટણી પંચે મતદારોની સુવિધા માટે અનેક પહેલ કરી છે. મહિલાઓ દ્વારા સંચાલિત ગુલાબી મતદાન મથકો બનાવવામાં આવ્યા છે અને વરિષ્ઠ નાગરિકોને મદદ કરવા માટે ખાસ ટીમો તૈનાત કરવામાં આવી છે. મહારાષ્ટ્રના રાજકીય સંદર્ભમાં આ મ્યુનિસિપલ ચૂંટણીઓ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. ૨૦૨૨ માં શિવસેનાના વિભાજન પછી, આ ચૂંટણી ઠાકરે બંધુઓ માટે એક મોટી અગ્નિ કસોટી છે, જે નક્કી કરે છે કે મુંબઈ અને રાજ્યમાં તેમનો રાજકીય -ભાવ અકબંધ રહેશે કે નહીં. મત ગણતરી ૧૬ જાન્યુઆરીએ થશે.

BMC ચૂંટણીમાં મતદાન કર્યા પછી, અભિનેતા નાના પાટેકરે કહ્યું, હું માનું છું કે મતદાન એ મારા અસ્તિત્વનો અર્થ છે, અને આ માટે મેં પુણેથી ૩-૪ કલાકની મુસાફરી કરી છે અને હું તરત જ પાછો ફરી રહ્યો છું. તો કળપા કરીને મતદાન કરો.

Petrol & Diesel Rate

પેટ્રોલ	₹. ૯૪.૭૮/લીટર
ડીઝલ	₹. ૯૦.૪૭/લીટર
CNG	₹. ૭૭.૦૦/કિલો



યુધ્ધના ભણકારા વચ્ચે ભારતીય નાગરિકોને ઈરાન છોડવા કેન્દ્રનો આદેશ

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

ઈરાનમાં આગામી કેટલાક કલાકોમાં મોટી સૈન્ય હિલચાલ થવાની શક્યતાઓ સેવાઈ રહી છે. અમેરિકા દ્વારા ઈરાન પર હુમલો થઈ શકે તેવી અટકળો વચ્ચે ભારત સરકારે ત્યાં વસતા પોતાના નાગરિકો માટે નવી અને અત્યંત મહત્વની એડવાઈઝરી જાહેર કરી છે.

મંગળવારે જારી કરાયેલી આ એડવાઈઝરીમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે, ઈરાનમાં રહેતા તમામ ભારતીય નાગરિકો-પછી ભલે તે વિદ્યાર્થીઓ હોય, શ્રદ્ધાળુઓ હોય, વેપારીઓ હોય કે પ્રવાસીઓ-તેઓએ શક્ય તેટલી વહેલી તકે દેશ છોડી દેવો જોઈએ.

આ સલાહ ૫ જાન્યુઆરીની અગાઉની એડવાઈઝરીનો જ એક ભાગ છે, જે ઈરાનની વર્તમાન અસ્થિર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને

આપવામાં આવી છે. ભારતીયો ઉપલબ્ધ કોમર્શિયલ ફ્લાઈટ્સ દ્વારા પરત ફરી શકે છે. સરકારે ભારતીય નાગરિકો અને ડ્યુઅલ (ભારતીય મૂળની વ્યક્તિઓ) ને ખાસ સાવચેતી રાખવા વિનંતી કરી છે કે,વિરોધ પ્રદર્શન અથવા ભીડભાડવાળી જગ્યાઓથી દૂર રહેવું, સ્થાનિક મીડિયા અને સમાચારો પર સતત નજર રાખવી, કોઈપણ કટોકટીના સમયે ભારતીય દૂતાવાસના સંપર્કમાં રહેવું.

ઈરાનમાં રહેતા ભારતીયોને વિનંતી કરવામાં આવી છે કે તેઓ તેમના પાસપોર્ટ, આઈડી કાર્ડ અને ઈમિગ્રેશન સંબંધિત તમામ દસ્તાવેજો હંમેશા પોતાની પાસે તૈયાર રાખે.

ચાંદીમાં આગ ઝરતી તેજીઃ ભાવ ૨.૯૦ લાખને આંબ્યો

સોનુ પણ ૧.૪૭ લાખની સપાટીએ પહોંચ્યું

મુખ્ય સમાચાર, રાજકોટ

સોના-ચાંદીના ભાવોમાં રેકોર્ડબ્રેક તેજીનો સીલસીલો અટકવાનું નામ લેતો ન હોય તેમ આજે વધુ જોરદાર ભાવ વધારો થયો હતો. ચાંદી સડસડાટ ૩ લાખ તરફ આગળ ધપતી હોય તેવું ચિત્ર હતું. તેવી જ રીતે સોનુ પણ ૧.૪૬ લાખના લેવલને વટાવી ગયું હતું.

રાજકોટમાં આજે હાજર ચાંદી ૨,૮૯,૬૦૦ હતી. એક જ દિવસમાં તેમાં ૧૯,૦૦૦નો ધરખમ ભાવ વધારો થયો હતો. વિશ્વ બજારમાં તેજીની આગ લાગી હોવાથી તેની સીધી અસર રહી હતી. જોકે ગત રાત્રે અભુતપૂર્વ ઉછાળામાં વિશ્વ બજારમાં ચાંદીનો ભાવ ૯૧ ડોલરને પાર થઈ ગયો હતો.

આજે સવારે પુનઃ નીચે આવીને ૮૭.૮૦ ડોલર સાંપડ્યો હતો. આ જ રીતે હાજર સોનુ ૧,૪૬,૪૫૦ હતું તેમાં ૧૭૦૦ રૂપિયાનો ભાવ વધારો થયો હતો. ભારતમાં કોમોડીટી એકસચેંજ આજે મુંબઈ ચૂંટણીના કારણે બંધ રહ્યા છે. પરંતુ વર્લ્ડ માર્કેટના આધારે હાજર ભાવોમાં જોરદાર અફડાતફડી સર્જાયેલી છે.

વેપારીઓના કહેવા પ્રમાણે વિશ્વ બજારમાં ગત રાત્રે ચાંદી ૯૧ ડોલર તથા સોનુ ૪૬૦૦ ડોલરને વટાવી ગયું હતું. આજે સવારે ભાવ થોડા નીચા આવ્યા છે. ગત રાતના ભાવો પર નજર કરવામાં આવે તો ચાંદી ૨.૯૦ લાખને પણ વટાવી ગઇ હતી.

તેવી જ રીતે સોનુ પણ ૧.૪૭ લાખને વટાવી ગયું હતું. વિશ્વ બજારમાં હવે કેવો ટ્રેન્ડ રહે છે તેના પર આધાર છે. વિશ્વસ્તરે જુદા જુદા ભૌગોલિક ઘટનાક્રમો અને યુધ્ધના ભતરાના કારણે આ સ્થિતિ ઉભી થઇ છે.

રાજકોટ વન-ડેમાં ભારતનો પરાજય

રાજકોટમાં શ્રેણીના બીજા એકદિવસીય મેચમાં પ્રવાસી ન્યુઝીલેન્ડે ભારતને ૭ વિકેટે હરાવીને ૧-૧થી શ્રેણી સરભર કરી લીધી હતી. ભારતના કે.એલ.રાહુલની અણનમ સદી પર ન્યુઝીલેન્ડના ડેરીલ મિચેલની અણનમ સદી ભારે પડી હતી અને તેના સહારે મેચ ૭ વિકેટે જીતી લીધો હતો. મિચેલને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો. રોહિત શર્મા તથા વિરાટ કોહલીએ નિરાશ કર્યા હોય તેમ બંને ખેલાડી ૩૦ રન સુધી પણ પહોંચી શકયા ન હતા. ન્યુઝીલેન્ડે ટોસ જીતી ભારતને પ્રથમ દાવ લેવા મેદાને ઉતાર્યું હતું. રોહિત શર્મા અને કેપ્તાન શુભમન ગીલની જોડીએ ઓપનીંગમાં આવી અપેક્ષાથી વિપરીત એકદમ ધીમી શરૂઆત કરી હતી. પાંચ ઓવરમાં માત્ર ૧૦ જ રન બન્યા હતા. જોકે ત્યારબાદ બંનેએ ખભ્પા ઉંચકયા હતા અને ઝડપી રન બનાવવાનું શરૂ કરી દીધુ હતું. ૧૦ ઓવરમાં જુમલો ૫૭ રન સુધી પહોંચાડી દીધો હતો. ૩ વન-ડેની શ્રેણીમાં ન્યુઝીલેન્ડે બીજો મેચ જીતીને શ્રેણી સરભર કરી લીધી છે. હવે આગામી ૧૮મીએ ઈન્દોર ખાતે રમાનારો ત્રીજો વન-ડે સીરીઝ માટે નિર્ણાયક સાબિત થશે.

દેશભરમાં મકરસંક્રાંતિ અને પોંગલના તહેવારની ઉત્સાહભેર ઉજવણી

મુખ્ય સમાચાર, અમદાવાદ

દેશભરમાં મકરસંક્રાંતિ અને પોંગલનો તહેવાર રંગચંગે ઉજવાયો હતો. ઉત્સવ, પરંપરા અને આસ્થાના ત્રિવેણી સંગમસમા આ તહેવારોમાં જુદા જુદા રાજયોમાં ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. મકરસંક્રાંતિ નિમિત્તે ગુજરાત સહિત દેશના અનેક રાજ્યોમાં પતંગ પર્વ મનાવવામાં આવ્યું હતું અને આકાશ રંગબેરંગી પતંગોથી છલકાયું હતું. જ્યારે પોંગલની આસ્થાભેર ઉજવણી થઇ હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોંગલ ઉત્સવમાં ભાગ લઇને સાંસ્કૃતિક એકતાનો સંદેશ પેશ કર્યો હતો. પાટનગર દિલ્હીમાં પોંગલ સમરોહમાં સામેલ થઇને તેઓએ કેન્દ્રીય મંત્રી એલ.મુરૂગનના નિવાસસ્થાને ગાયને ભોજન કરાવ્યું હતું. વડાપ્રધાને કહ્યું કે, પોંગલ પર્વ ખેડુતોના પરિશ્રમનો ઉત્સવ છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ મકરસંક્રાંતિના પર્વે ગુજરાતમાં હતા અને અમદાવાદમાં પતંગ ચગાવીને ઉજવણી કરી હતી. ગૃહમંત્રીનો પરિવાર તથા સમર્થકો સાથે રહ્યા હતા.

દેશના અન્ય રાજયોમાં ધાર્મિક પરંપરા સાથે મકરસંક્રાંતિની ઉજવણી થઇ હતી. પ્રયાગરાજમાં સંગમ ખાતે ચાલી રહેલા માઘ મેળામાં હજારોની સંખ્યામાં ભાવિકો ઉમટયા હતા અને પવિત્ર સ્નાન કર્યુ હતું. હજારો લોકોએ પવિત્ર નદીમાં ડૂબકી લગાવીને આસ્થાભેર ઉજવણી કરી હતી. આ સિવાય હિમાચલપ્રદેશમાં મંડી ખાતે પણ સેંકડો લોકો ઉમટયા હતા અને આસ્થાભેર પવિત્ર ડૂબકી લગાવી હતી.

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં ઉતરાયણના પર્વની રંગેચંગે ઉજવણી

ગૌશાળા - પાંજરાપોળમાં દાન વહાવતા લોકોઃ ઉંધીયુ-ખીચડો આરોગીને લોકોએ ઉજવી મકરસંક્રાંતિ

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં મકરસંક્રાંતિ પર્વની ઉમંગભેર ઉજવણી થઇ હતી. ગઇકાલે આખાલવૃધ્ધ અગાસીએ પતંગ ઉડાડીને પર્વની ઉજવણી કરી હતી. અગાસીમાં ડી.જે.ના સૂરો અને 'કાપ્યો છે'ના નાદ ગુંજી ઉઠયા હતા. લોકોએ અગાસી પર જીંજર, બોર, શેરડી વગેરે આરોગીને મોજ માણી હતી. ગઇકાલે લોકોએ ઉંધીયુ અને ખીચડો ખાઇને પર્વના વધામણા કર્યા હતા.

ગઇકાલે નાના મોટા શહેરોમાં

ગૌશાળા તથા પાંજરાપોળના ફાળા માટેની રાવટીઓ ઉભી કરાઇ હતી. લોકોએ યથાશકિત દાન આપીને પુણ્યનું ભાથુ બાંધ્યુ હતું. લોકોએ ગોપૂજન કરીને દર્શન-વંદન કર્યા હતા.

જસદણમાં વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના કાર્યકરો દ્વારા ઉતરાયણ-મકરસંક્રાંતિની સેવા કાર્ય કરીને ઉજવણી કરવામાં આવી હતી. જસદણમાં મકરસંક્રાંતીના દિવસે વિશ્વ હિન્દુ પરિષદ તેમજ બજરંગ દળ દ્વારા મૂંગા અબોલ પક્ષીઓને ચણ નાખવામાં આવી હતી. આવા સેવાના કાર્યો હર હમેશા વિશ્વ હિન્દુ પરિષદ તેમજ બજરંગ દળ દ્વારા કાર્ય કરવામાં આવી રહ્યા છે.

જથ્થાબંધ મોંઘવારી છેલ્લા ૮ મહિનામાં સૌથી ઉંચા સ્તરે

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

ડિસેમ્બરમાં જથ્થાબંધ મોંઘવારી વધીને ૦.૮૩ ટકા પર પહોંચી ગઈ છે. આ આઠ મહિનામાં સૌથી ઉંચુ સ્તર છે. ખાવા-પીવાની વસ્તુ મોંઘી થવાથી મોંઘવારી વધી છે.

આ પહેલા નવેમ્બરમાં તે ૦.૩૨ ટકા પર હતી. જ્યારે ઓકટોબરમાં તે -૧.૨૧ ટકા પર આવી ગઈ હતી. ખાદ્ય પદાર્થો, બિન ખાદ્ય વસ્તુઓ અને નિર્મિત વસ્તુઓની કિંમતોમાં માસિક આધારે વધારાથી વૃદ્ધિ નોંધાઈ છે. ડિસેમ્બર ૨૦૨૪માં જથ્થાબંધ મોંઘવારી દર ૨.૧૭ ટકા હતી.

રોજની જરૂરિયાતવાળા સામાનોની મોંઘવારી -૨.૯૩ ટકાથી વધીને ૦.૨૧ ટકા થઈ ગઈ. જ્યારે ખાવા-પીવાની વસ્તુની મોંઘવારી - ૨.૬૦થી વધીને શૂન્ય થઈ ગઈ, ઈંધણ અને ઉર્જાની જથ્થાબંધ મોંઘવારી દર -૨.૨૭ ટકાથી ઘટીને ૨.૩૧ ટકા રહ્યો. નિર્મિત ઉત્પાદનોનો જથ્થાબંધ મોંઘવારી દર ૧.૩૩ ટકાથી વધીને ૧.૮૨ ટકા રહ્યો. અખાદ્ય વસ્તુઓની શ્રેણીનો મોંઘવારી દર ડિસેમ્બરમાં ૨.૯૫ ટકા રહ્યો. જ્યારે નવેમ્બરમાં તે ૨.૨૭ ટકા હતો. આ કારણે તેની અસર જથ્થાબંધ મોંઘવારી પર વધુ દેખાઈ છે.

ખાવા-પીવાની વસ્તુઓ પર અસરઃ શાકભાજી, ઈંડા, દાળ સહિત રસોઈની જરૂરી વસ્તુઓની કિંમતોમાં વૃદ્ધિના કારણે ગત મહિને ડિસેમ્બરમાં જથ્થાબંધ મોંઘવારી દર વધીને ત્રણ મહિનાના ઉચ્ચ સ્તરે ૧.૩૩ ટકા પર પહોંચી ગયો હતો. આથી ગત મહિને નવેમ્બરમાં છુટક મોંઘવારીનો દર ૦.૭૧ ટકા હતો.

આ પહેલા ઉચ્ચ સ્તર સપ્ટેમ્બર મહિનામાં ૧.૪૪ ટકા નોંધાયો હતો. કેન્દ્ર સરકારે સોમવારે તેના આંકડા જાહેર કર્યા હતા. ચોંકાવનારી બાબત એ છે કે છુટક મોંઘવારી બાદ હવે જથ્થાબંધ મોંઘવારી દરમાં પણ ઉછાળો જોવા મળી રહ્યો છે.

આમજન પર અસરઃ જથ્થાબંધ મોંઘવારી લાંબો સમય વધવાથી ઉત્પાદક ક્ષેત્રો પર તેની ખરાબ અસર પડી શકે છે. જો જથ્થાબંધ મુલ્ય ખૂબ જ લાંબા સમય સુધી ઉંચા સ્તરે રહે છે તો ઉત્પાદક બોજ ગ્રાહકો પર નાખી દે છે. સરકાર માત્ર ટેકસના માધ્યમથી મોંઘવારીને નિયંત્રીત કરી શકે છે.

ડ્રગ્સ માફિયાઓ વિરૂધ્ધ માહિતી આપવા ગુજરાત પોલીસે વોટ્સએપ નંબર જાહેર કર્યોઃ માહિતી આપનારનું નામ ગુપ્ત રખાશે

મુખ્ય સમાચાર, અમદાવાદ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં ગુજરાત પોલીસ દ્વારા રાજ્યને ડ્રગ્સ મુક્ત બનાવવા માટે જંગ છેડવામાં આવી છે, ત્યારે ડ્રગ્સ માફીયાઓ સામે કડક હાથે કામગીરી કરવા ગુજરાત પોલીસમાં ડેડિકેટેડ નાર્કોટિક્સ કેસને લગતી કાર્યવાહી કરવા માટે એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ બનાવવામાં આવી છે.

આ લડાઈને વધુ વેગ આપવા અને સામાન્ય જનતા સરળતાથી ડ્રગ્સ માફિયાઓ વિરુદ્ધ માહિતી આપી શકે તે માટે એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ

દ્વારા સત્તાવાર વોટ્સએપ નંબર જાહેર કરવામાં આવ્યો છે. હવે કોઈ પણ નાગરિક ડ્રગ્સ સંબંધિત માહિતી આપવા માટે ANTF ગુજરાત વોટ્સએપ નં. ૯૯૦૪૦ ૦૧૬૦૮ ઉપર સંપર્ક કરી શકશે. તે ઉપરાંત નાર્કોટિક્સ હેલ્પલાઈન નં. ૧૯૦૮ ઉપર પણ નાગરિકો કોલ કરી શકે છે.

ગુજરાત પોલીસ દ્વારા ખાતરી આપવામાં આવે છે કે, આ નંબર પર ડ્રગ્સની હેરાફેરી, વેચાણ કે અન્ય શંકાસ્પદ પ્રવૃત્તિ અંગે માહિતી આપનાર નાગરિકનું નામ અને વિગતો સંપૂર્ણપણે ગુપ્ત રાખવામાં આવશે. તમારી એક નાનકડી માહિતી ગુજરાતના યુવાધનને બચાવવા માટે મોટું યોગદાન આપી શકે છે.

ગુજરાત પોલીસ ડ્રગ્સ ટ્રાફિકિંગ રોકવા, શૈક્ષણિક સંસ્થાઓમાં જાગૃતિ લાવવા અને નશાની લત છોડાવવા માટે સતત કાર્યરત છે. આ ઝુંબેશમાં જોડાવા માટે સોશિયલ મીડિયાના ફેસબુક પ્લેટફોર્મ પર antfgujarat, X(ટ્વિટર) પ્લેટફોર્મ પર @antfgujarat અને ઈન્સ્ટાગ્રામ પ્લેટફોર્મ પર antfgujarat ને ફોલો કરવા પણ વિનંતી કરવામાં આવી છે.

જામનગર એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી

મુખ્ય સમાચાર, જામનગર

જામનગર એરપોર્ટ પર અજાણ્યા શખ્સ દ્વારા ઈ-મેઈલથી બોમ્બની ધમકી મળતા સુરક્ષા એજન્સીઓ હરકતમાં આવી ગઈ છે.ધમકીભર્યો સંદેશ મળતા તંત્રમાં દોડધામ મચી ગઈ હતી.સુરક્ષાનો ચાંપતો બંદોબસ્ત.આ ઈ-મેઈલ મળતાની સાથે જ જામનગર એરપોર્ટ ઓથોરિટીએ તાત્કાલિક સ્થાનિક પોલીસ અને ઉચ્ચ અધિકારીઓને જાણ કરી હતી.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને જિલ્લા પોલીસ વડા ડો. રવિ મોહન સૈની, ડીવાયએસપી જયવીરસિંહ ઝાલા તેમજ એલસીબી અને એસઓજી જેવી સ્થાનિક કાઈમ બ્રાન્ચની ટીમો સહિતનો મોટો પોલીસ કાફલો એરપોર્ટ પર પહોંચી ગયો હતો. જામનગર એરપોર્ટ ભારતીય વાયુસેનાના નિયંત્રણ હેઠળ હોવાથી તેની સુરક્ષાનું મહત્ત્વ વધી જાય છે. ધમકીને પગલે સમગ્ર એરપોર્ટ પરિસરને કોર્ડન કરી લેવામાં આવ્યું છે. બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ અને ડોગ સ્કવોડ દ્વારા એરપોર્ટના દરેક ખૂણામાં, જેમાં ટર્મિનલ બિલ્ડિંગ, રનવે અને પાર્કિંગ વિસ્તારનો સમાવેશ થાય છે, સઘન તપાસ શરૂ કરવામાં આવી છે.સુરક્ષાના ભાગરૂપે, એરપોર્ટ પર આવતા-જતા તમામ મુસાફરો અને તેમના સામાનનું ઝીણવટપૂર્વક ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. એરપોર્ટ પર બિનજરૂરી અવરજવર રોકવા માટે અજાણ્યા વ્યક્તિઓના પ્રવેશ પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. કોઈ પણ અણબનાવને પહોંચી વળવા માટે ફાયર બ્રિગેડની ગાડીઓ અને એમ્બ્યુલન્સ જેવી કટોકટી સેવાઓને પણ સ્ટેન્ડ બાય પર રાખવામાં આવી છે. આર્મી અને એરફોર્સના ઉચ્ચ અધિકારીઓ પણ પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે અને તેમની અવરજવર એરપોર્ટ પર વધી ગઈ છે. એરપોર્ટ ઓથોરિટી, પોલીસ અને સાયબર સેલની મદદથી આ ધમકીભર્યા ઈ-મેઈલના સ્રોતને શોધવા માટે તપાસ કરી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભૂતકાળમાં પણ જામનગર એરપોર્ટ પર વિદેશી ફ્લાઈટ્સને બોમ્બની ધમકી મળવાને કારણે ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું, જે તપાસ બાદ અફવા સાબિત થઈ હતી. જોકે, વર્તમાન ધમકીને પૂરી ગંભીરતાથી લેવામાં આવી રહી છે અને જ્યાં સુધી કોઈ શંકાસ્પદ વસ્તુ ન મળે અને પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણમાં ન આવે ત્યાં સુધી સુરક્ષા વ્યવસ્થા સઘન રહેશે.

જામનગરમાં સામાજિક સંસ્થા અને જીવદયા પ્રેમીઓએ જુદા જુદા વિસ્તારોમાં કેમ્પનું આયોજન કરી પક્ષીઓને સારવાર અપાઈ

મુખ્ય સમાચાર, જામનગર

જામનગર શહેર અને આસપાસના વિસ્તારમાં ગઈકાલે મકરસંક્રાંતિના પર્વના દિવસે પતંગ અને દોરાના કારણે કુલ ૨૫ પક્ષીઓ ઘાયલ થયા હતા, અને તે તમામને સારવાર આપવામાં આવી છે. પતંગ વીરોએ ગઈકાલે ઘણો સંયમ રાખ્યો છે, જેના કારણે એક પણ પક્ષીના મૃત્યુના અહેવાલો મળ્યા નથી.જામનગરની ઉત્સવ પ્રેમી જનતા હવે મકરસંક્રાંતિના પતંગ મહોત્સવ ને પણ ખૂબ જ ઉત્સાહપૂર્વક ઉજવે છે. ગઈકાલે જામનગર શહેર અને આસપાસના વિસ્તારમાં પતંગ અને દોરાના કારણે ઇકબુર,પક્ષીઓ ઘાયલ થયા હતા.એનજીઓ સંસ્થા વગેરે દ્વારા કરુણા અભિયાન અંતર્ગત તૈયાર કરેલા હંગામી સારવાર કેન્દ્રમાં તમામ પક્ષીઓને તાકીદ ની સારવાર આપવામાં આવી છે.

ટંકારા છત્તર જીઆઈડીસીમાં ગોડાઉનમાંથી શરાબની ૧૦૭૦ પેટી દારૂ સાથે ત્રણ પકડાયા

ટંકારા પોલીસે ગોડાઉનમાં દરોડો પાડી રૂ. ૧.૩૦ કરોડનો મુદ્દામાલ કબજે કર્યો

મુખ્ય સમાચાર, મોરબી

ટંકારા તાલુકાના છત્તર ગામે જીઆઈડીસીમાં આવેલ નામ વગરના ગોડાઉનમાંથી ટંકારા પોલીસે મોટી માત્રામાં ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપી લીધો છે. દરોડા દરમિયાન ટ્રક ટ્રેઇલર, બોલેરો પીકઅપ સહિત કુલ ૧૦૭૦ પેટી દારૂ કબજે કરી ત્રણ ઇસમોને સ્થળ પરથી ઝડપી લેવામાં આવ્યા છે. તપાસમાં ગોડાઉન ભાડે રાખનાર સહિત કુલ આઠ આરોપીઓ સામે ગુનો નોંધાયો છે, જેમાં પાંચ ફરાર આરોપી પૈકી એક આરોપી મોરબી પોલીસ કર્મચારી હોવાનું સામે આવ્યું છે. હાલ ટંકારા પોલીસે પ્રોહીબીશન ધારા હેઠળ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ટંકારા પોલીસ મથકની સર્વેલન્સ ટીમ નાઇટ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન ખાનગીરાહે બાતમી મળી હતી કે છત્તર જીઆઈડીસીમાં આવેલ જલારામ પ્લાસ્ટિક નામના ગોડાઉનની બાજુમાં આવેલા નામ વગરના ગોડાઉનમાં પરપ્રાંતમાંથી ચોરીછુપીથી ઈંગ્લીશ દારૂ લાવી સંગ્રહ કરી વેચાણ કરવામાં આવે છે. આ બાતમીના આધારે ટંકારા પોલીસે તાત્કાલિક રેઇડ કરી હતી. રેઇડ દરમિયાન ગોડાઉનમાં શંકાસ્પદ વાહનો તથા વ્યક્તિઓની હલચલ જોવા મળી હતી.

પોલીસે સ્થળ પરથી ટ્રક કન્ટેનર ટ્રેઇલર નંબર આરજે-૦૧-જીબી-૫૦૧૯, બોલેરો પીકઅપ નંબર જીજે૩૬-વી-૩૪૦૧ સહિત વિવિધ બ્રાન્ડના ઈંગ્લીશ દારૂની બોટલો તથા ચપલાનો મોટો જથ્થો કબજે કર્યો હતો. કુલ ૫૯૪૦ બોટલો તથા ૨૭,૬૦૦ ચપલા સહિત રૂ.૧,૩૦,૨૯,૦૦૦/-ના મુદ્દામાલ સાથે ત્રણ આરોપી કમલેશ બાપુલાલ વોરા, જીતમલ કાલીયા કટારા અને નાનીલાલ વાલીયા સીંગાડાને પકડી લેવામાં આવ્યા હતા, જે તમામ રાજસ્થાનના રહેવાસી છે. વધુમાં, પકડાયેલ ત્રણેય આરોપીઓની પૂછતાછ દરમિયાન તથા ટંકારા પોલીસની પ્રાથમિક તપાસમાં ગોડાઉન ભાડે રાખનાર પ્રિન્સ વિરેન્દ્રભાઈ ઝાલરીયા રહે.મોરબી, કેહરારામ હરખારામ રહે.બાડમેર રાજસ્થાન તેમજ માણસુરભાઈ દેવદાનભાઈ ડાંગર રહે.મોરબી(મોરબી પોલીસકર્મી), બોલેરોનો ચાલક રાજુરામ રહે.રાજસ્થાન તથા માલ મોકલનાર સહિત કુલ પાંચ આરોપીઓ ફરાર હોવાનું સામે આવ્યું છે. હાલ ટંકારા પોલીસે કુલ ૮ આરોપીઓ વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી કરુણા ફાઉન્ડેશન દ્વારા PLHIV લાભાર્થીઓને રાશન કીટ અને ચીકી-ફરસાણનું વિતરણ કરાયું

સિવિલ હોસ્પિટલ એ.આર.ટી. સેન્ટર ખાતે સગર્ભા તથા ગંગાસ્વરૂપ બહેનો અને બાળકોને પોષણયુક્ત સહાય

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી જીલ્લામાં કરુણા ફાઉન્ડેશન ઓફ પીપલ્સ લીવીંગ વિથ એચ.આઈ.વી./એઈડ્સ દ્વારા PLHIV લાભાર્થીઓ મંકરસંક્રાંતનો તહેવાર આનંદપૂર્વક ઉજવી શકે તે હેતુથી ખાસ રાશન કીટ, ચીકી, ફરસાણ અને ફળનું વિતરણ કરાયું હતું. મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. પી.કે. શ્રીવાસ્તવ તથા એ.આર.ટી. એ.એમ.ઓ. ડો. યાદવના માર્ગદર્શન હેઠળ સિવિલ હોસ્પિટલ ખાતે કાર્યક્રમ યોજાયો હતો. દાતાઓના સહયોગથી દર્દીઓના પોષણ માટે મહત્વપૂર્ણ સેવા કાર્ય હાથ ધરાયું હતું.

મોરબી જીલ્લાની કરુણા ફાઉન્ડેશન ઓફ પીપલ્સ લીવીંગ વિથ એચ.આઈ.વી./એઈડ્સ દ્વારા સામાજિક જવાબદારીના ભાગરૂપે PLHIV લાભાર્થીઓ માટે મંકરસંક્રાંત પર્વ નિમિત્તે સહાયકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. પી.કે. શ્રીવાસ્તવ તથા મોરબી સિવિલ હોસ્પિટલના એ.આર.ટી. એ.એમ.ઓ. ડો. યાદવના માર્ગદર્શન હેઠળ સિવિલ હોસ્પિટલ ખાતે આવેલા એ.આર.ટી. સેન્ટર પર નિયમિત સારવાર લઈ રહેલા સગર્ભા બહેનો, ગંગાસ્વરૂપ બહેનો તેમજ બાળકોને પોષણયુક્ત આહાર માટે રાશન કીટ અને તહેવારની ખુશીમાં ચીકી, ફરસાણ તથા ફળનું વિતરણ કરાયું હતું.

કરુણા ફાઉન્ડેશન દ્વારા તહેવાર નિમિત્તે નિયમિત રીતે રાશન કીટ વિતરણ તેમજ PLHIV દર્દીઓના ફોલોઅપ માટે સેવા કાર્ય કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં સિરામિક એસોસિયેશનના પ્રમુખ તથા સ્થાનિક દાતાઓના દાનથી દર્દીઓના સારા ન્યુટ્રિશન માટે રાશન કીટ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા કરુણા ફાઉન્ડેશનના પ્રમુખ રાજેશભાઈ લાલવાણી, ઉપપ્રમુખ રાજેશભાઈ જાની, ખજાનચી જયદીપભાઈ નિમાવત, મંત્રી આશાબેન વીશોડીયા, સહમંત્રી ભાવનાબેન બારોટ તેમજ બોર્ડ મેમ્બર નીતાબેન રાજગોરે ભારે જહેમત ઉઠાવી હતી.

આ પ્રસંગે કરુણા ફાઉન્ડેશન દ્વારા આગામી સમયમાં પણ આવા ભગીરથ સામાજિક કાર્યના આયોજન માટે દાતાઓને સહયોગ આપવા અપીલ કરવામાં આવી હતી. વધુ માહિતી અથવા દાન માટે કરુણા ફાઉન્ડેશનના પ્રમુખ રાજેશભાઈ લાલવાણી (મો. ૭૫૬૭૫૧૭૪૬૨), ઉપપ્રમુખ રાજેશભાઈ જાની (મો. ૯૬૯૮૩૨૪૬૦) તથા ખજાનચી જયદીપભાઈ નિમાવત (મો. ૮૪૨૮૯૫૫૫૦૬) નો સંપર્ક કરવા જણાવાયું હતું.

મોરબીમાં છત ઉપર ગાળો બોલવાના વિવાદે સશસ્ત્ર મારામારી, સામસામી ફરિયાદ નોંધાઈ

સીટી એ ડિવિઝન પોલીસે એક મહિલા સહિત સાત લોકો સામે ગુનો નોંધ્યો

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી શહેરમાં મકરસંક્રાંતિના તહેવારે વાવડી રોડ ગણેશનગર વિસ્તારમાં આવેલ શોપિંગ કોમ્પ્લેક્સની છત ઉપર ગાળો બોલવાના મુદ્દે થયેલા વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા સશસ્ત્ર મારામારી થઈ હતી. ઘટનામાં લાકડી, ધોકા, પથ્થર અને છરી વડે જાહેરમાં બન્ને પક્ષો વચ્ચે સામસામી મારામારી થતા થોડીવાર માટે રોડ ઉપર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. બનાવને પગલે બંને પક્ષોએ એકબીજા સામે સામસામી ફરિયાદ નોંધાવતા સીટી એ ડિવિઝન પોલીસે એક મહિલા સહિત સાત આરોપીઓ સામે ગુનો નોંધ્યો છે. હાલ તમામ ઈજાગ્રસ્તોની મોરબી સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર ચાલુ છે.

મોરબી શહેરના વાવડી રોડ ઉપર ગણેશનગર નજીક ગઈકાલ તા.૧૪ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ બપોરના અરસામાં છત ઉપર ગાળો બોલવાના મુદ્દે બે પક્ષો વચ્ચે ભારે ઝપાઝપી અને સશસ્ત્ર મારામારીનો બનાવ બન્યો હતો. જે બનાવમાં પ્રથમ ફરિયાદ ભાવેશભાઈ નાનજીભાઈ પરમાર ઉવ.૨૫ રહે. નાની વાવડી રોડ જેપુરીયાની વાડી મોરબી વાળાએ આરોપી જયંતીભાઈ, હાર્દિકભાઈ, જયેશભાઈ અને સોનલબેન બધા રહે.મોરબી વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, ફરિયાદીના સંબંધી છત ઉપર પતંગ ઉડાડતા હોય અને ગાળો બોલતા હોય જે બાબતે આરોપીઓ ફરિયાદીના પતંગના સ્ટોલે આવી, સ્ટોલ બંધ કરવા બાબતે બોલાચાલી બાદ આરોપીઓએ લાકડી, ધોકા, પથ્થર અને છરી વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં ફરિયાદી ભાવેશભાઈ તથા તેમના સગા યોગેશભાઈ અને પ્રજ્ઞેશભાઈને ઈજાઓ પહોંચાડી હતી.જેથી ત્રણેયને સારવાર માટે મોરબી સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. વધુમાં આરોપીઓ નશાની હાલતમાં હોવાનું પણ ફરિયાદમાં ઉલ્લેખ કરાયો છે.

સામાપક્ષે હાર્દિકભાઈ પરવીણભાઈ કંજારીયા ઉવ.૨૩ રહે. વજેપર શેરી નં.૧૩ મોરબી દ્વારા પણ આરોપી યોગેશભાઈ તથા અજાણ્યા બે માણસો વિરુદ્ધ સામી ફરિયાદ નોંધાવી છે, વાવડી રોડ ગણેશનગરના નાકે શોપિંગ કોમ્પ્લેક્સની છત ઉપર ગાળો બોલતા લોકોને સમજાવવા તેમના પતંગના સ્ટોલ આરોપીઓએ ફરિયાદી હાર્દિકભાઈ અને તેમના પરિવારજનો પર સામે પક્ષે હુમલો કર્યો હતો. જેમાં ધોકા, લાખંડની વસ્તુ અને અન્ય હથિયારો વડે માર મારવામાં આવ્યો હતો. આ હુમલામાં હાર્દિકભાઈ બેભાન થઈ પડ્યા હતા તેમજ જયંતીભાઈ અને સોનલબેનને પણ ઈજાઓ પહોંચી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. હાલ તેઓ તમામની સારવાર ચાલુ છે.

આ સમગ્ર બનાવને પગલે મોરબી સીટી એ ડિવિઝન પોલીસે બંને પક્ષોની ફરિયાદના આધારે એક મહિલા સહિત કુલ સાત લોકો સામે બીએનએસની અને જુથી એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ફાટસર ગામે મેલડી મંદિરે મહંત દિનેશ ભુવાજીનો જન્મદિવસ ભક્તિભાવથી ઉજવાયો

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી નજીક ફાટસર ગામે આવેલ વિરમ ચાવડાની મેલડી માતાજીના મંદિરે મહંત દિનેશ ભુવાજીના જન્મદિવસ પ્રસંગે ભવ્ય ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. ૪૭ વર્ષ પૂર્ણ કરી ૪૮મા વર્ષમાં મંગલ પ્રવેશ કરનાર ભુવાજી માટે મહાઆરતી અને મહાપ્રસાદનું આયોજન કરાયું. આ પ્રસંગે મોટી સંખ્યામાં મેલડી માતાજીના ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

મોરબી નજીક ફાટસર ગામે સ્થિત વિરમ ચાવડાની મેલડી માતાજીના પ્રખ્યાત મંદિરે મહંત દિનેશ ભુવાજીના જન્મદિવસની ઉજવણી ભાવભક્તિ સાથે કરવામાં આવી હતી. ભુવાજીએ ૪૭ વર્ષ પૂર્ણ કરી ૪૮મા વર્ષમાં મંગલ પ્રવેશ કરતા મંદિર પરિસરમાં ધાર્મિક માહોલ સર્જાયો હતો. આ નિમિત્તે મેલડી માતાજીની ભવ્ય મહાઆરતી યોજાઈ હતી, જેમાં દૂર દૂરથી આવેલા ભક્તોએ માતાજીના દર્શન કરીને આરતીમાં ભાગ લીધો હતો. આ ઉપરાંત મહાપ્રસાદનું પણ આયોજન કરાયું હતું, જેમાં હજારો ભક્તોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો. જન્મદિવસ પ્રસંગે મંદિરના પટાંગણમાં ભક્તજનોએ રાસ-ગરબા રમીને આનંદ વ્યક્ત કર્યો હતો અને સમગ્ર વિસ્તાર ભક્તિમય બની ગયો હતો. ભક્તોએ મહંત દિનેશ ભુવાજીના લાંબા દીર્ઘાયુ, આરોગ્ય અને સેવા કાર્ય સતત આગળ વધે તેવી માતાજીને પ્રાર્થનાઓ અર્પણ કરી હતી.

જામનગર મહાનગરપાલિકાની કચેરીમાં પીવાના પાણીના પ્રશ્ન બાબતે સમીક્ષા બેઠક યોજાઈ

મુખ્ય સમાચાર, જામનગર

જામનગર મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નર ડી.એન. મોદી દ્વારા જામનગર શહેરમાં પાણીજન્ય રોગોની વર્તમાન સ્થિતિની સમીક્ષા માટે બેઠક પોજવામાં આવી હતી. ગાંધીનગરમાં તાજેતરમાં નોંધાયેલા ટાઈફોઈડના પ્રકોપને ધ્યાનમાં રાખીને, જામનગર શહેરમાં આવા રોગોના નિવારવા અને નિયંત્રણ માટે લેવામાં આવતા પગલાની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી.આ બેઠકમાં આરોગ્ય વિભાગ ઉપરાંત વોટર વર્કસ વિભાગ તથા અન્ડરગ્રાઉન્ડ ડ્રેનેજ વિભાગની કામગીરીની પા ખાસે સમીક્ષા કરવામાં આવી હતી. શહેરમાં પીવાના પાણીની ગુણવત્તા, નિયમિત ક્લોરીનેશન, પાણીના નમુનાઓની તપાસ, લીકેજની સમસ્યા તેમજ ગટરલાઈન અને પીવાના પાણીની લાઈનો વચ્ચેના સંભવિત કોરા કનેક્શન અંગે ચચા કરવામાં આવી હતી.મ્યુનિ. કમિશ્નરે સંબંધિત વિભાગોને સમયસર સુધારકાર્ય, ફીલ્ડ લેવલ પર કડક દેખરેખ, સંવેદનશીલ વિસ્તારોમાં વિશેષ ચકાસણી તથા આરોગ્ય વિભાગ સાથે વધુ સંકલન રાખવાની સૂચનાઓ આપી હતી. જેથી પાણીજન્ય રોગોના જોખમને અટકાવી શકાય. ફૂડ શાખાને શહેરી વિસ્તારમાં આવેલ સ્ટ્રીટ ફુડના વિક્રેતાઓને ત્યાં ગુણવતા ચકાસણી કરવાની સૂચના કરવામાં આવી. ખાસ કરીને પાણીપુરી, લુઝ પીવાના પાણીના વિક્રેતાઓ પણ ચકાસણી વધારવી તથા આઈસ બનાવતી ફેક્ટરી ધ્વારા ક્લોરીન યુક્ત પાણી વપરાશ થાય તેની ચકાસણી કરવી.

આ ઉપરાંત બેઠક દરમ્યાન શહેરમાં થયેલ માતૃત્વ મૃત્યુ મેટર્નલ ડેથ અને બાળ મૃત્યુ ચાઈલ્ડ ડેથના કેસોની પણ સમીક્ષા કરવામાં આવી હતી. દરેક કેસમાં કારણોની ઉંડાણપૂર્વક તપાસ, આરોગ્ય સેવાઓની ઉપલબ્ધતા. રેફરલ પ્રક્રિયા તથા સમયસર સારવાર સુનિશ્ચિત કરવા અંગે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. જામનગર મહાનગરપાલિકા શહેરના નાગરીકોના આરોગ્યની સુરક્ષા માટે સંપૂર્ણ પ્રતિબધ્ધ છે અને તમામ સંબંધિત વિભાગો ધ્વારા સંકલિત પ્રયાસો કરવામાં આવશે તેમ મ્યુનિસિપલ કમિશ્નરએ બેઠક દરમ્યાન સ્પષ્ટ કર્યુ હતું.

મોરબીના રવાપર ઘુનડા રોડ પર ફ્લેટમાંથી પડી જતા સગીરાનું મોત, પોલીસ તપાસ શરૂ

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી શહેરના રવાપર ઘુનડા રોડ પર આવેલા ફ્લોરા ઈલેવન એપાર્ટમેન્ટમાં ૧૬ વર્ષીય સગીરા અગિયારમા માળેથી નીચે પડતા તેનું મૃત્યુ નીપજ્યું છે. હાલ મોરબી સીટી એ ડિવિઝન પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે.

મોરબી શહેરના રવાપર ઘુનડા રોડ પર આવેલા એચ-૫૦૩, ફ્લોરા ઈલેવન એપાર્ટમેન્ટમાં ગઈકાલે ૧૪ જાન્યુઆરીના રોજ દુઃખદ બનાવ સામે આવ્યો હતો. જેમાં દેવાંગીબેન સુનિલભાઈ જંયતીભાઈ માલસણા ઉવ.૧૬ પોતાના રહેણાંક એપાર્ટમેન્ટના અગિયારમા માળેથી કોઈ પણ સમયે નીચે પડી જતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત બની હતી. જેથી પરિવારજનો તાત્કાલિક દેવાંગીબેનને સારવાર માટે સરકારી હોસ્પિટલ મોરબી ખાતે લઈ આવ્યા હતા. જોકે ફરજ પરના તબીબે તપાસ બાદ દેવાંગીબેનને મરણ જાહેર કરી હતી. મૃત્યુના બનાવ મામલે મોરબી સીટી એ ડિવિઝન પોલીસે અ.મોત રજીસ્ટર કરી, મૃત્યુ બાબતે ચોક્કસ કારણ જાણવા તપાસની તજવીજ શરૂ કરી છે.

મોરબી નિવાસી મૂળ ટંકારાના જયશ્રીબેન જાનીનું દુઃખદ અવસાન, કાલે બેસણું

મોરબી નિવાસી મૂળ ટંકારાના વતની જયશ્રીબેન રવિશંકર જાની ઉવ.૭૫, તે સ્વ.નર્મદાબેન રવિશંકર જાનીના સુપુત્રી, મનહરલાલ રવિશંકર જાની (નિવૃત્ત એસ.ટી. કર્મચારી), સ્વ. કાંતિલાલ રવિશંકર જાની (બજરંગ રેડીયેટર વાળા), સ્વ. રમેશભાઈ રવિશંકર જાની, સ્વ.અશોકભાઈ રવિશંકર જાની, સ્વ.દીપકભાઈ રવિશંકર જાની, સ્વ.લતાબેન જીતેન્દ્રભાઈ ત્રિવેદીના બહેન તેમજ હીતેશભાઈ જાની, વિજયભાઈ જાની, મિલનભાઈ જાની, મેહુલભાઈ જાની, નિરવભાઈ જાનીના ફૈબાનું તા.૧૩-૧-૨૦૨૬ મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૧૬-૧-૨૦૨૬ શુક્રવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે તેમના નિવાસ સ્થાન કૃષ્ણનગર સોસાયટી, ક્રિષ્ના એપાર્ટમેન્ટ સામેની શેરી, શનાળા રોડ, મોરબી ખાતે રાખેલ છે. મો. ૭૫૭૫૮૫૦૬૧૬, ૮૧૪૧૨૭૬૨૦૭

મોરબી ફાયર શાખાની સક્રિય કામગીરી, પાંચ ઈન્ડસ્ટ્રીઝમાં ૧૦૭ કર્મચારીઓને ફાયર પ્રિવેન્શન ટ્રેનિંગ

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી મહાનગરપાલિકા અગ્નિશમન શાખા દ્વારા તા.૦૬/૦૧/૨૦૨૬ થી ૧૨/૦૧/૨૦૨૬ દરમિયાન શહેરની પાંચ ઈન્ડસ્ટ્રીઝમાં કુલ ૧૦૭ કર્મચારીઓને ફાયર પ્રિવેન્શનની તાલીમ આપવામાં આવી હતી. આ સાથે સમાજવાડી, કોમ્પ્લેક્ષ અને ઈન્ડસ્ટ્રીઝમાં ફાયર સેફ્ટી સર્ટિફિકેટનું ચેકિંગ કરી, ફાયર NOC ન ધરાવતા બિલ્ડીંગોને નોટીસ આપવામાં આવી હતી. અગાઉ અપાયેલ નોટીસના પગલે નવી ફાયર સિસ્ટમ લગાવવાની કામગીરી શરૂ કરાઈ છે.

મોરબી મહાનગરપાલિકા અગ્નિશમન શાખા દ્વારા ફાયર પ્રિવેન્શનને વધુ અસરકારક બનાવવા માટે તા.૦૬/૦૧/૨૦૨૬ થી ૧૨/૦૧/૨૦૨૬ દરમ્યાન વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. આ દરમ્યાન શહેરની પાંચ ઈન્ડસ્ટ્રીઝમાં ફાયર સેફ્ટી અને પ્રિવેન્શન અંગે વિશેષ તાલીમ યોજાઈ, જેમાં કુલ ૧૦૭ કર્મચારીઓને આગ લાગ્યાના સમયે લેવાયેલી તકેદારી, ફાયર સાધનોનો યોગ્ય ઉપયોગ તથા ઈમરજન્સી પ્રતિભાવ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પ્રિવેન્શનના ભાગરૂપે સમાજવાડી, કોમ્પ્લેક્ષ તેમજ ઈન્ડસ્ટ્રીઝ જેવી બિલ્ડીંગોમાં ફાયર સેફ્ટી સર્ટિફિકેટ અને ફાયર NOCની ચકાસણી કરવામાં આવી. ફાયર NOC ન ધરાવતા બિલ્ડીંગોને નોટીસ આપવામાં આવી તેમજ જરૂરી સૂચનો અને ગાઈડલાઈન પણ આપવામાં આવી હતી. અગાઉ આપવામાં આવેલી નોટીસના પરિણામે ૧૭૨ કોમ્પ્લેક્ષ અને ૩૪ સમાજવાડીમાં ફાયર સિસ્ટમ લગાવવામાં આવી છે અથવા તેની કામગીરી ચાલુ છે. આ દરમ્યાન ફાયર સેફ્ટી અપુરતા માટે આવેલી ૦૪ અરજીઓને આર.એફ.ઓ. કચેરીમાં ફોરવર્ડ કરવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન મોરબીમાં બે જગ્યાએ આગ લાગવાના બનાવ નોંધાયા હતા, જેમાં ફાયર બ્રિગેડના જવાનો દ્વારા સંપૂર્ણ PPE સહિત આધુનિક સાધનો, હેલ્મેટ, ગમબૂટ, વન લેયર સુટ અને હેન્ડ ગ્લોઝ પહેરીને અસરકારક રીતે ફાયર ફાઈટીંગ કરવામાં આવ્યું હતું. ચીફ ફાયર ઓફિસર મોરબી મહાનગરપાલિકાએ અપીલ કરી છે કે કોઈપણ આગ અથવા ઈમરજન્સી સમયે તાત્કાલિક મોરબી ફાયર અને ઈમરજન્સી સર્વિસના નંબરો (૦૨૮૨૨) ૨૩૦૭૫૦, ૧૦૧ તથા ૧૨૨ પર સંપર્ક કરવો, જેથી નાની-મોટી દુર્ઘટના કે મોટી આપદા ટાળી જાન-માલની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય

મોરબીના વીસીપરા વિસ્તારમાંથી ઈંગ્લીશ દારૂની ૨૧ બોટલ સાથે બુટલેગરને પકડી લેતી કાઇમ બ્રાંચ

મોરબી શહેરના વીસીપરા વિસ્તારમાં એલસીબી, પેરોલ ફર્લો સ્કવોડ પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન અમરેલી રોડ ભારત ફ્લોરમિલ પાસે શંકાસ્પદ હાલતમાં એક ઈસમ થેલો લઈને ઉભો હોય ત્યારે પોલીસને જોઈ કઈક છુપાવતો હોય તેમ લાગતા તુરંત તેને કોર્ડન કરી તેની પાસે રહેલ થેલાની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની બે અલગ અલગ બ્રાન્ડની ૨૧ નંગ બોટલ કિ.રૂ.૨૧,૦૦૦/- મળી આવી હતી. જેથી આરોપી હુશેનભાઈ ઉર્ફે બાબા આદમભાઈ સામતાણી ઉવ.૩૨ રહે.વીસીપરા મદીના સોસાયટી મોરબી વાળાની અટક કરી તેની વિરુદ્ધ બી ડિવિઝન પોલીસ મથકે પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધાવી આગળની તપાસ શરૂ કરી છે.

ચોથી જાગીરનો પડકાર
મુખ્ય સમાચાર
સાંધ્ય દૈનિક
THURSDAY 15/01/2026

વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સના મંચથી ''ટીબીમુક્ત ભારત અભિયાન''ના સંકલ્પને વેગ

મુખ્ય સમાચાર, રાજકોટ

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ''ટીબીમુક્ત ભારત'' અભિયાનને સાકાર કરવા માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત દ્વારા વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં ટીબી જાગૃતિ અંગે વિશેષ સ્ટોલનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્ય ક્ષય અધિકારી ડો. આર.બી. પટેલ તેમજ રાજ્યની ટીમ અને નિક્ષય મિત્ર કન્સલ્ટન્ટ દ્વારા સ્ટોલની મુલાકાત લેવામાં આવી હતી.

સ્ટોલમાં વાઈબ્રન્ટ કોન્ફરન્સની મુલાકાતે આવનાર લોકોને ટીબી રોગ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી. તેમજ ટીબી ચેમ્પિયન્સ દ્વારા પોતાના અનુભવો લોકો સાથે વ્યક્ત કરવામાં આવ્યા.

સાથોસાથ ટીબી જનજાગૃતિ સ્ટોલમાં ટીબીના દર્દીઓના નિદાન માટે ઉપયોગમાં લેવાતી આધુનિક પદ્ધતિ, નિક્ષય પોષણ યોજના અંતર્ગત ટીબીના દર્દીઓને સારવાર ચાલતી હોય ત્યાં સુધી ભારત સરકાર દ્વારા દર

મહિને રૂ. ૧,૦૦૦/-ની સહાય અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. અત્રે ઉલ્લેખનીય છે કે, વાઈબ્રન્ટ ગુજરાત સમિટની મુલાકાત લેનારા અનેક ડેલિગેટ્સે ટીબીના દર્દીઓને પોષણ કિટ આપવા તેમજ માનસિક અને આર્થિક સહકાર આપવા માટે નિક્ષય મિત્ર તરીકે પોતાનું રજિસ્ટ્રેશન કરાવ્યું છે. આ સાથે રાજકોટની જનતાને પણ ''ટીબીમુક્ત ભારત''અભિયાનમાં સહયોગ આપવા માટે જિલ્લા ક્ષય કેન્દ્ર, રાજકોટ તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સઃ સૌરાષ્ટ્ર-કચ્છની સ્થાનિક ક્ષમતાઓને મળ્યો વિકાસનો વૈશ્વિક અવસર

સૌરાષ્ટ્ર-કચ્છ પ્રદેશમાં ૫,૪૯૨ પ્રોજેક્ટ્સ અંતર્ગત રૂ.૫,૭૮,૩૩૦ કરોડના એમ.ઓ.યુ.: સૌથી વધુ પાવર, ઓઈલ એન્ડ ગેસ સેક્ટરમાં કુલ રૂ. ૪,૫૫,૦૬૫ કરોડનું પ્રસ્તાવિત રોકાણ

મુખ્ય સમાચાર, રાજકોટ
આલેખનઃ હેમાલી, માર્ગી

રાજકોટની મારવાડી યુનિવર્સિટી ખાતે યોજાયેલા 'વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ-૨૦૨૬ સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છનાં ઔદ્યોગિક વિસ્તારમાં પ્રસ્તાવિત મૂડીરોકાણનું ખૂબ જ પ્રોત્સાહક ચિત્ર સામે આવી રહ્યું છે. બે દિવસની આ કોન્ફરન્સનાં અંતે વિવિધ ક્ષેત્રોમાં કુલ ૫,૪૯૨ પ્રોજેક્ટ અંતર્ગત રૂ. ૫,૭૮,૩૩૦ કરોડના એમ.ઓ.યુ. થયા છે. જેમાં ૦૬ લાખ ૨૬ હજાર જેટલા લોકોને રોજગારી પ્રાપ્ત થશે, તેવો એક અંદાજ છે. આ ઐતિહાસિક કોન્ફરન્સનો શુભારંભ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિ-માં થયો હતો.

વી.જી.આર.સી.માં થયેલા પ્રસ્તાવિત રોકાણોની વિગત સેક્ટરવાઈઝ જોઈએ તો, એગ્રો એન્ડ ફૂડ પ્રોસેસિંગ સેક્ટરમાં ૫૮ પ્રોજેક્ટ અંતર્ગત કુલ રૂ. ૧,૯૬૯ કરોડ, કેમિકલ, પેટ્રોકેમિકલ એન્ડ જી.આઈ.ડી.સી. લાર્જ પ્રોજેક્ટ સેક્ટરમાં ૮ પ્રોજેક્ટ અંતર્ગત કુલ રૂ. ૧૨,૧૭૪ કરોડ, એન્જિનિયરિંગ, ઓટો અને અન્ય ઉદ્યોગોના ક્ષેત્રમાં ૪૭ પ્રોજેક્ટ અંતર્ગત કુલ રૂ. ૧૪,૬૧૩ કરોડ તેમજ મિનરલ બેઈઝ્ડ પ્રોજેક્ટસ સેક્ટરમાં ૬૦૬ પ્રોજેક્ટ અંતર્ગત કુલ રૂ. ૬,૦૨૨ કરોડનું પ્રસ્તાવિત રોકાણ થશે.

આ ઉપરાંત, પોર્ટ એન્ડ પોર્ટ બેઈઝ્ડ સેક્ટરમાં ૨૮ પ્રોજેક્ટ અંતર્ગત કુલ રૂ. ૭૦,૭૫૧ કરોડના એમ.ઓ.યુ.,પાવર ઓઈલ એન્ડ ગેસ (ઈન્કલુડિંગ પાવર રિન્યુએબલ) સેક્ટરમાં ૯૯ પ્રોજેક્ટ અંતર્ગત કુલ રૂ. ૪,૫૫,૦૬૫ કરોડ, ટુરિઝમ એન્ડ સિવિલ એવિએશન સેક્ટરમાં ૨૧ પ્રોજેક્ટ અંતર્ગત કુલ રૂ. ૧,૮૮૭ કરોડ તેમજ અર્બન ડેવલપમેન્ટ સેક્ટરમાં ૫૦ પ્રોજેક્ટ અંતર્ગત કુલ રૂ. ૯૬૬ કરોડના પ્રસ્તાવિત રોકાણ થશે.

વધુમાં, એનિમલ હસબન્ડરી, ફિશરીઝ એન્ડ કો-ઓપરેશન, કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી, એજ્યુકેશન, એન્વાયરમેન્ટ એન્ડ ફોરેસ્ટ, ફાઈનાન્શિયલ સર્વિસ, હેલ્થ કેર એન્ડ ફાર્મા., ઈન્ડસ્ટ્રીયલ પાર્કસ, લોજિસ્ટિક પાર્કસ એન્ડ મીની એસ્ટેટ, ઈન્ફોર્મેશન ટેકનોલોજી એન્ડ બાયોટેકનોલોજી, રૂરલ ડેવલપમેન્ટ અને રૂર્બન હાઉસિંગ, સ્કીલ ડેવલપમેન્ટ, સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન એન્ડ અધર ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ સ્પોર્ટ્સ, યુથ એન્ડ કલ્ચર, ટેક્સટાઈલ એન્ડ અપેરલ્સ, ટ્રાન્સપોર્ટ તથા વોટર સપ્લાય સેક્ટરમાં પણ વિવિધ પ્રોજેક્ટ્સમાં કરોડોનાં રોકાણ માટે સમજૂતિ કરાર કરવામાં આવ્યા છે.

આમ, મોટા ઉદ્યોગોમાં કુલ ૯૭૦ પ્રોજેક્ટમાં રૂ. ૫,૬૫,૭૮૦ કરોડના એમ.ઓ.યુ. (મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ) થયા છે. જ્યારે માઈક્રો, સ્મોલ એન્ડ મિડીયમ એન્ટરપ્રાઈઝ (એમ.એસ.એમ.ઈ.)માં કુલ ૪,૫૨૨ પ્રોજેક્ટમાં રૂ. ૧૨,૫૫૦ કરોડના સમજૂતી કરાર થયા છે. આમ, વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ સૌરાષ્ટ્ર-કચ્છનાં ઔદ્યોગિક જગત માટે વિકાસનાં સોનેરી અવસર ઉપલબ્ધ કરાવનારી બની રહી છે.

સમાચાર સંક્ષીપ્તમાં

બિનવારસી બાળકના વાલીવારસની શોધખોળ અંગે

ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં તા.૧૧/૦૧/૨૦૨૬ના રોજ જૂનાગઢ નેશનલ હાઈવે પર પીપળીયા તથા રીબડા વચ્ચે આવેલ જી.આઈ.ડી.સી.વિસ્તારમાંથી આશરે અઢીથી ત્રણ વર્ષનું બિનવારસી બાળક મળી આવેલ છે. બાળક અર્ધ બેભાન હાલતમાં અને મોઢાના ભાગે ઈજાના નિશાનો દેખાતા તેને રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે સારવારમાં ખસેડવામાં આવ્યું છે. બાળકના વાલીવારસ બાબતે જાણકારી મળે તો તુરંત પોલીસ કંન્ટ્રોલ રૂમ રાજકોટ ગ્રામ્ય, રાજકોટ ફોન નં. ૭૪૩૩૯૧૧૧૦૦, ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનના ફોન નં. ૬૩૫૯૬૨૫૭૧૪ અથવા ગોંડલ તાલુકા પોલીસ ઈન્સ્પેક્ટરશ્રીના ફોન નં. ૯૨૭૭૨૫૮૦૩૫ ઉપર સંપર્ક કરવા એમ.ઓ.બી. શાખા, રાજકોટ ગ્રામ્ય દ્વારા જણાવાયું છે.

રાજકોટ જિલ્લા ફરિયાદ અને સંકલન સમિતિની બેઠક તા.૧૭-૦૧-૨૦૨૬ના રોજ યોજાશે

રોજકોટ જિલ્લા કક્ષાની ફરિયાદ અને સંકલન સમિતિની જાન્યુઆરી-૨૦૨૬ માસની બેઠક તા.૧૭/૦૧/૨૦૨૬ના શનિવારે સવારે ૧૧ ૦૦ કલાકે, કલેકટર કચેરી, ત્રીજો માળ, મુખ્ય સભાખંડ, રાજકોટ ખાતે યોજાશે, જેની નોંધ લેવા નિવાસી અધિક કલેકટરશ્રી,રાજકોટ દ્વારા જણાવાયું છે.

મોરબીમાં શક્તિ ચોક અને પંચાસર રોડ પરથી દારૂની સાત બોટલ સાથે બે પકડાયા

મોરબી એ ડિવિઝન પોલીસ ટીમે બે અલગ-અલગ સ્થળેથી વિદેશી દારૂની કુલ સાત બોટલ સાથે બે ઇસમોની અટકાયત કરી છે. જેમાં પંચાસર રોડ ઉપર આવેલ દરગાહની પાસેથી આરોપી મયુરભાઈ પ્રેમજીભાઈ છગનભાઇ વાઘેલા ઉવ.૨૧ રહે.ઓમપાર્ક લક્ષ્મીનગર માળીયા હાઇવે મોરબી વાળાને વિદેશી દારૂની બ્લેન્ડર્સ પ્રાઇડ વ્હિસ્કીની એક બોટલ કિ.રૂ.૯૭૯/- સાથે ઝડપી લેવામાં આવ્યો હતો. જ્યારે શહેરના શક્તિ ચોક નજીકથી આરોપી રાજુભાઇ જાદવભાઈ કાનાભાઈ સરાણીયા ઉવ.૩૨ રહે.જાંબુડીયા આર.ટી.ઓ. ઓફિસની બાજુમાં ઝૂંપડામાં તા.મોરબી વાળાને ઈંગ્લીશ દારૂની રોયલ ચેલેન્જ વ્હિસ્કીની ૭ નંગ બોટલ કિ.રૂ.૪,૮૭૨/- સાથે પકડી લેવામાં આવ્યો હતો. હાલ સીટી એ ડિવિઝન પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબીના રવાપર રોડ ઉપરથી જીવલેણ ચાઈનીઝ દોરીના બે ફિરકા સાથે એકને દબોચી લેવાયો

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે રવાપર રોડ ભવાની સોડા બાજુમાંથી આરોપી ચિરાગભાઈ કાંતિભાઈ મકનભાઈ ધોળુ ઉવ.૨૪ રહે. ઘનશ્યામગઢ તા.હળવદ વાળાને પ્રતિબંધિત ચાઈનીઝ દોરી મોનો કેટીસીના બે ફિરકા કિ.રૂ.૧,૨૦૦/- સાથે દબોચી લેવામાં આવ્યો છે, આ સાથે પકડાયેલ આરોપી વિરુદ્ધ એ ડિવિઝન પોલીસે બીએનએસની કલમ ૨૨૩ મુજબ ગુનો નોંધી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

મોરબીના ભડીયાદ નજીક ડેમુ ટ્રેનની અડફેટે ૭૦ વર્ષીય વૃદ્ધનું મોત

મોરબી તાલુકાના ભડીયાદ ગામની સીમ વિસ્તારમાં પ્લેટીના સીરામીક સામે આવેલા રેલવે પાટા પર ડેમુ ટ્રેનની અડફેટે એક ૭૦ વર્ષીય વૃદ્ધનું મોત થયાની કરૂણ ઘટના સામે આવી છે. જેમાં ગઈકાલ તા.૧૩/૦૧/૨૦૨૬ના રોજ બપોરે ભડીયાદ નજીક પ્લેટીના સીરામીક સામે મોરબી-વાંકાનેર ડેમુ ટ્રેન રેલવે ટ્રેક પરથી પસાર થઈ રહી હતી ત્યારે કેશવજીભાઇ ઘેલાભાઇ અઘારા ઉવ.૭૦ રહે. ભડીયાદ ગામ, તા.જી.મોરબીવાળા ટ્રેઇન હડફેટે આવી જતા તેમનું મૃત્યુ નિપજ્યું હતું. હાલ તાલુકા પોલીસે અ. મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

મોરબીમાં સીરામીક શ્રમિકનું અચાનક છાતીમાં દુખાવા બાદ મોત

મોરબી તાલુકાના તળાવીયા શનાળા ગામે આવેલી નીયોલેક્ષ સેનેટરી લેબર કોલોનીમાં રહેતા રામનીવાસ અનંદી શીંગ ઉવ.૫૬ પોતાના લેબર ક્વાર્ટરમાં હતા ત્યારે અચાનક છાતીમાં દુખાવો ઉપડતા તેમને તાત્કાલિક સમર્પણ હોસ્પિટલ મોરબી ખાતે સારવાર માટે લઈ જવાયા હતા. જ્યાં સારવાર દરમ્યાન હાજર તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. જે બાદમાં મોરબી સરકારી હોસ્પિટલ ખાતે મૃતદેહ લાવવામાં આવ્યો હતો. સમગ્ર મૃત્યુના બનાવ મામલે પોલીસે અ.મોતની નોંધ કરી છે.

હળવદના રણમલપુર ગામે પિતાના ઠપકાથી સગીરાએ ઝેરી દવા પી લેતાં મોત

હળવદ તાલુકાના રણમલપુર ગામે ઘરકામ બાબતે પિતાએ ઠપકો આપતા ખેત શ્રમિક પરિવારની ૧૭ વર્ષીય દીકરીએ ઝેરી દવા પી લીધી હતી. ત્યારે ત્રણ દિવસની ટૂંકી સારવાર દરમ્યાન સગીરાનું મોત થતાં પોલીસે અ.મોતની નોંધ કરી છે. હળવદ તાલુકાના રણમલપુર ગામની સીમમાં ભરતભાઈ વજુભાઈ થડોદાની વાડી ખાતે રહેતા અમિષા ઉર્ફે વર્ષા ઉવ.૧૭ મુળ રહે.મોટી ફળીયુ કાછેલ ગામ તા-જી-છોટાઉદેપુર વાળી ઘરકામ કે ખેતીકામ કરતી ન હોય જેથી તેના પિતાએ આ બાબતે ઠપકો આપેલ હોય અને તેને ઘરકામ કે ખેતીકામ કરવુ ગમતુ ન હોય જેથી ગુસ્સામા આવીને પોતાની જાતેથી ગઈ તા.૩૧/૧૨/૨૦૨૫ ના રોજ જંતુનાશક ઝેરી દવા પી લેતા સી.યુ.શાહ હોસ્પીટલ સુરેન્દ્રનગર ખાતે સારવાર દરમ્યાન તા-૦૩/૦૧/૨૦૨૬ના રોજ તેણીનું મૃત્યુ નિપજ્યું હતું.

વાંકાનેર નજીક કારખાનામાં તોડફોડ મામલે ૧૨ પૈકી ૧૦ આરોપીઓની ગણતરીની કલાકોમાં અટક

મુખ્ય સમાચાર, મોરબી

વાંકાનેરના વઘાસીયા ગામ નજીક આવેલ કુશો સિરામિક કારખાનામાં કોન્ટ્રાક્ટના બાકી રૂપિયા લેવા બાબતે તોડફોડની ગંભીર ઘટના બની હતી. આ ઘટનામાં અંદાજે રૂ.૭૫ લાખનું નુકસાન પહોંચાડવામાં આવ્યું હોવાની નોંધાવેલ ફરિયાદને આધારે વાંકાનેર સીટી પોલીસે ઝડપી કાર્યવાહી કરી ૧૨ પૈકી ૧૦ આરોપીઓને ગણતરીની કલાકોમાં અટકાયત કરી છે.

વાંકાનેર તાલુકાના વઘાસીયા ગામ નજીક આવેલા કુશો સિરામિક કારખાનામાં જૂના મજૂરી કોન્ટ્રાક્ટના રૂપિયા લેવાના મુદ્દે વિવાદ સર્જાયો હતો. જેમાં બંધ કારખાનાના ઘુસી તોડફોડની ઘટના સામે આવી હતી. જેમાં આરોપીઓએ ગેરકાયદેસર રીતે કારખાનામાં પ્રવેશ કરી મશીનરી, કેબલ વાયર સહિતના સાધનોને નુકસાન પહોંચાડ્યું હતું, જેના કારણે અંદાજે રૂ.૭૫ લાખ જેટલું નુકસાન થયું હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. કારખાનાના ભાગીદાર ફરિયાદી આંનદભાઈ રમેશભાઈ વાઘડીયાએ ચાર નામજોગ અને આઠ અજાણ્યા સહિત કુલ ૧૨ વ્યક્તિઓ સામે વાંકાનેર સીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ત્યારે સી.સી.ટી.વી. ફૂટેજના આધારે પોલીસે તપાસ હાથ ધરી ઝડપી કાર્યવાહી કરી ૧૨ પૈકી ૧૦ આરોપીઓને ગણતરીની કલાકોમાં ઝડપી લીધા છે.

પકડાયેલ આરોપીઓમાં (૧)ભીષ્મ રાજવલી પાન્ડે ઉવ.૩૮ રહે.હાલ વૃંદાવન પાર્ક સોસાયટી ગીરીરાજ હાઇટ બી-૪૦૧ ત્રાજપર ચાર રસ્તા પાસે મોરબી-૨ મુળરહે.ડીહવા ચકરા જી.બલીયા ઉત્તરપ્રદેશ, (૨)પ્રકાશભાઈ કાનાભાઈ સરૈયા ઉવ.૩૨ રહે.ભરવાડપરા શેરી નં.૩ વાંકાનેર, (૩)હીરાલાલભાઇ જગદીશભાઇ પરમાર ઉવ.૩૪ રહે.ગામ લગ્ધીરપુર શેરી નં-૨ તા.જી.મોરબી, (૪)માંગીરામ જયપાલ પંઘાલ ઉવ.૩૯ રહે.હાલ.શુભ સીરામીક કારખાનામા લગ્ધીરપુર રોડ તા.જી.મોરબી મુળ રહે.કાજલાકા બાસ થાના. જી.ઝુનઝુનુ રાજસ્થાન, (૫)ચન્દ્રભુષણ બચુભાઇ જેસ્વાલ ઉવ.૨૮ રહે.ગોકુલનગર પટેલ પાનની બાજુમા મકનસર મુળગામ બહરામપુર બનકટા જી.મઉ ઉતરપ્રદેશ, (૬)સદામભાઇ અયુબભાઇ શાહમદાર ફકીર ઉવ.૨૬ રહે.દાતાર દરગાહ પાછળ મફતીયાપરામા વાંકાનેર, (૭)અકબરભાઇ સલીમભાઇ શાહમદાર ઉવ.૩૧ રહે.દાતાર દરગાહ પાછળ મફતીયાપરામા વાંકાનર, (૮)કામીલશા ઉર્ફે કાળુભાઇ અબ્દુલકરીમ બાનવા ઉવ.૨૭ રહે.દાતાર પીરની દરગાહમા વાંકાનેર, (૯)શશીપ્રકાશસીંગ દસરથસીંગ ઉવ.૩૧ રહે.હાલ પાવન પાર્ક સોસાયટી શેરી નં.૩ મોરબી-૨ તથા (૧૦)સોમુકુમાર વીરેન્દ્ર રામ ઉવ.૧૯ રહે. હાલ કેડા સીરામીક પાનેલી રોડ તા.જી.મોરબી મૂળ રહે.નવાડીહ ગામ જી.રોહતાસ (બિહાર) એમ તમામ આરોપીઓ વિરુદ્ધ વાંકાનેર સીટી પોલીસે બીએનએસની કલમ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે, જ્યારે બાકી આરોપીઓને ઝડપી લેવા પોલીસ દ્વારા આગળની તપાસ ચલાવી છે.

હળવદના ચુપણી ગામે કાકા સાથે થયેલ બોલાચાલીનો ખાર રાખી કુટુંબી ભાઈઓએ હુમલો કર્યો

છરી, ધોકા સાથે માર મારી, જાનથી મારી નાખવાની ધમકી આપતા ત્રણ વિરુદ્ધ ફરિયાદ

મુખ્ય સમાચાર, મોરબી

હળવદ તાલુકાના ચુપણી ગામે પડોશમાં રહેતા કાકા સાથે બોલાચાલી થતા અન્ય કાકાના દીકરાઓ દ્વારા છરી સહિતના હથિયારો સાથે આવી યુવક અને તેના બે ભાઈઓને આડેધડ માર મારી, જાનથી મારી નાખવાની ધમકી આપી ચાલ્યા ગયેલ. ત્યારે સમગ્ર બનાવ મામલે ભોગ બનનાર દ્વારા ત્રણ આરોપીઓ વિરુદ્ધ હળવદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

હળવદ તાલુકાના ચુપણી ગામે દેવીપૂજક વાસ ખાતે રહેતા ઘનશ્યામભાઈ ઉર્ફે ઘનો સવાભાઈ વાઘેલાએ હળવદ પોલીસ મથકમાં આરોપી દાજીભાઈ જલાભાઈ વાઘેલા, વિક્રમભાઈ જલાભાઈ વાઘેલા તથા કિશનભાઈ જલાભાઈ વાઘેલા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ફરિયાદી ઘનશ્યામભાઈની બાજુમાં તેમના કાકા વિનુભાઈ વાઘેલા રહે છે, તેઓ અવારનવાર ઘનશ્યામભાઈ ઘરે આવીને બોલાચાલી માથાકૂટ કરતા હોય છે, ત્યારે ગઈકાલ તા.૧૪ જાન્યુઆરીના રોજ સવારે ઘનશ્યામભાઇના ઘરે તેમના કાકા વિનુભાઈ આવી બોલાચાલી કરીને જતા રહ્યા હતા, ત્યારે તેનો ખાર રાખી અન્ય કાકાના દીકરાઓ ઉપરોક્ત ત્રણેય આરોપીઓ ઘનશ્યામભાઇના ઘરે છરી, ધોકા જેવા હથિયારો સાથે આવી ઘનશ્યામભાઇ અને તેમના બે ભાઈઓ વિઠ્ઠલભાઈ તથા સંજયબગાઈને ગાળો બોલી ધોકા, છરી વડે હુમલો કર્યો હતો. આ દરમિયાન પાડોશી તથા પરિવારની મહિલાઓએ વચ્ચે પડી ત્રણેય ભાઈઓને વધુ મારથી છોડાવ્યા હતા, ત્યારે આરોપી ત્રણેય ભાઈઓ જાનથી મારી નાખવાની ધમકી આપી ચાલ્યા ગયા હતા. હાલ હળવદ પોલીસે આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

હળવદના ખોડ ગામે જુના ઝઘડાનો ખાર રાખી યુવક પર લાકડી-પથ્થરથી હુમલો, ચાર સામે ફરિયાદ

મુખ્ય સમાચાર, મોરબી

હળવદ તાલુકાના ખોડ ગામે જુના ઝઘડાનો ખાર રાખી એક યુવક ઉપર લાકડી અને પથ્થરથી હુમલો કરાયાની ઘટના સામે આવી છે. હુમલામાં યુવકને મૂંઢ ઇજા તથા જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી છે. સમગ્ર મામલે ભિગ બનનારની ફરિયાદને આધારે હળવદ પોલીસે ચાર આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસની તજવીજ હાથ ધરી છે. હળવદ તાલુકાના ખોડ ગામના ઝાંપા પાસે આવેલ પાણીના ટાંકા નજીક ગઈકાલ તા.૧૩/૦૧/૨૦૨૬ના રોજ જુના ઝઘડાની અદાવત રાખી યુવક પર હુમલો કરવામાં આવ્યો હતો. જે બનાવ અંગે ખોડ ગામે રહેતા ભુરાભાઈ માંડણભાઈ આલ ઉવ.૩૫ વાળાએ હળવદ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપી લાલાભાઈ કરશનભાઈ ગઢવીએ લાકડી વડે માર માર્યો હતો, જ્યારે રાજેશભાઈ કરશનભાઈ ગઢવીએ પથ્થર ફેંકી ઈજા પહોંચાડી હતી. આ સાથે ભરતભાઈ તથા કુકાભાઈ ગઢવી હાથમાં લોખંડના ધારિયા લઈને આવી ભુંડાબોલી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઉપરોક્ત ફરિયાદને આધારે હળવદ પોલીસે તમામ આરોપીઓ સને બીએનએસ અને જીપી એક્ટ હેઠળ ગુનો દાખલ કરી આગળની ટોઅસ ચલાવી છે.

મોરબીના રાધા પાર્ક વિસ્તારમાં ૧૮ વર્ષીય યુવકે ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

મોરબી શહેરના કન્યા છાત્રાલય રોડ ઉપર રાધા પાર્ક-૨ ખાતે રહેતા ૧૮ વર્ષીય પ્રિન્સ અમિતભાઈ પરમાર નામના યુવકે ગઈકાલ તા.૧૩/૦૧ ના રોજ તેના ઘરમાં કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા, યુવકને સારવાર માટે સરકારી હોસ્પિટલ મોરબી ખાતે લાવવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબે જોઈ તપાસી પ્રિન્સને મૃત જાહેર કર્યો હતો. હાલ એ ડિવિઝન પોલીસે અ.મોત રજીસ્ટર કરી આગળની તપાસની તજવીજ શરૂ કરી છે.

ધોરાજીના મોટા ગુંદાળા પાસે અકસ્માતે ટાયર ફાટતાં કાર પલ્ટી મારી જતા પત્નીનું મોત, પતિ સહિત બે ઘવાયા

ભયાનક દશ્ય જોઈ વાહન ચાલકો વાહન થોભાવી ઈજાગ્રસ્તોને બહાર કાઢ્યા

મુખ્ય સમાચાર, ધોરાજી

ધોરાજીનું એક દંપતી અને તેમના કૌટુંબિક સંબંધી કારમાં જેતપુરથી પરત ધોરાજી જતા હતા ત્યારે મોટા ગુંદાળા ગામ પાસે તેમની કારનું ટાયર ફાટતા કાર પલ્ટી મારી રોડ નીચે ઉતરી જવાથી પત્નીનું મોત નીપજ્યું જ્યારે પતિ અને અન્ય યુવાનને ગંભીર ઈજા પહોંચી હતી.

આ અંગેની માહિતી મુજબ ધોરાજી ગામે રહેતા શુભમ મહેશભાઈ કાપડીયા તેમના પત્ની મિતાલીબેન અને અરવિંદભાઈ આસોદારીયા નામના કૌટુંબિક સંબંધી પોતાના અંગત કામ સબબ ધોરાજીથી જેતપુર ગયા હતા. ગત રાત્રીના સમયે પોતાની કાર મારફત ધોરાજી પરત જતા હતાં ત્યારે મોટા ગુંદાળા ગામ પાસે કારનું ટાયર ફાટતા ચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવી દીધો. જેથી કાર પલ્ટી મારીને રોડ નીચે ઉતરી ગઈ હતી. આ દશ્ય જોઈ ત્યાંથી પસાર થતા વાહન ચાલકો વાહન થોભાવી ઈજાગ્રસ્તોને બહાર કાઢ્યા હતાં. જેમાં તમામને સારવાર માટે ધોરાજી સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા જ્યાં ફરજ પરના તબીબે મિતાલીબેનને મૃત જાહેર કર્યા હતાં. જ્યારે શુભમભાઈ અને અરવિંદભાઈની પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે રીફર કર્યા હતાં. અકસ્માતને લઈને કાપડિયા પરિવારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. જેતપુર તાલુકા પોલીસે અકસ્માતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

સુરેન્દ્રનગરના કટુડા ગામના પાટીયા પાસે રીક્ષા અને પીકપવાન વચ્ચે ગંભીર અકસ્માતઃ દંપતીનું મોત

પત્નીએ ઘટનાસ્થળે દમ તોડયો પતિનું સારવારમાં દરમિયાન મૃત્યુઃ પોલીસ દોડી ગઇ

મુખ્ય સમાચાર, વઢવાણ

સુરેન્દ્રનગર જિલ્લાના સુરેન્દ્રનગર ધાંગધ્રા હાઈવે પાસે કટુડા ગામના પાટીયા પાસે ગઈ રાતે રીક્ષા અને પેસેન્જર ભરેલી પીકપવાન વચ્ચે ગંભીર અકસ્માત સર્જવાવા પામ્યો હતો. આ અંગેની મળતી વિગત મુજબ રીક્ષા અને પીકઅપવાન વચ્ચે જોરદાર અકસ્માત થયો હતો. દંપતીના મોત થવા પામ્યા છે જેમાં પત્નીનું ઘટના સ્થળ ઉપર કમ કમાટી ભર્યું મોત નીપજ્યું હતું જ્યારે પતિની હાલત ગંભીર હોવાના કારણે તાત્કાલિક અસર તેને સાર્વજનિક દવાખાને ખસેડવામાં આવ્યો હતો પરંતુ સારવાર કારગત નો નિવરતા અંતે પતિનું પણ મોત નીપજ્યું હતું

પોલીસ સૂત્ર પાસેથી જાણવા મળતી વિગતો અનુસારસુરેન્દ્રનગર જિલ્લામાં સુરેન્દ્રનગર-ધાંગધ્રા હાઈવે પર કટુડા ગામના પાટિયા પાસે ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. બોલેરો પીકઅપ અને પેસેન્જર ભરેલી રિક્ષા વચ્ચે થયેલી ભયાનક અથડામણમાં એક દંપતીનું કરુણ મોત નીપજ્યું છે. મૃતકોની ઓળખ ૩૨ વર્ષીય સંગીતા મારૂણીયા અને તેમના પતિ ૩૪ વર્ષીય જીજ્ઞેશ મારૂણીયા તરીકે થઈ છે. સંગીતાબેનનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે જિગ્નેશને ગંભીર હાલતમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમનું પણ મોત થયું હતું. આ દંપતી રિક્ષામાં મુસાફરી કરીને પરત ફરી રહ્યું હતું ત્યારે અકસ્માતનો ભોગ બન્યું હતું. ત્યારે આ અકસ્માત સર્જાતા અને ઘટના સ્થળ ઉપર મહિલાનું મોત અને ત્યારબાદ તેના પતિનું મોત થતા ઘટના સ્થળ ઉપર પણ લોકોના ટોળેટોળા ઉંટી પડ્યા હતા અને હારે રાતે ભર્યો માહોલ જોવા મળી રહ્યો હતો. અકસ્માત બાદ આસપાસના લોકોએ તાત્કાલિક મદદ કરી પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચી પતિ-પત્નીના મૃતદેહોને ગાંધી હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે ખસેડયા હતા. હાલ પોલીસે અકસ્માતના કારણો અને વધુ તપાસ હાથ ધરી છે.

હળવદના જુના ઘાટીલા ગામે પત્ની રિસામણે જતા ખેત શ્રમિકે કેનાલમાં ઝંપલાવી જીવન ટૂંકાવ્યું

મુખ્ય સમાચાર, મોરબી

હળવદ તાલુકાના જુના ઘાટીલા ગામે પત્ની રિસામણે જતી રહી હોવાનું લાગી આવતા ૩૨ વર્ષીય ખેત શ્રમિકે કેનાલમાં ઝંપલાવી આપઘાત કર્યો હતો.જે મામલે હળવદ પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસ શરૂ કરી છે.

હળવદ તાલુકાના જુના ઘાટીલા ગામે રહેતા મુળ રહે-આમડી સોતરા ગામ તા.દેવગઢ બારીયા જી.પંચમહાલ (ગોધરા)ના વતની શૈલેષભાઇ સવજીભાઈ બારૈયા ઉવ.૩૨ ની પત્ની રિસામણે જતી રહી હોવાનું મનમાં લાગી આવતા યુવકે ગત તા.૦૩/૦૧/૨૦૨૬ના રોજ નવા ઘાટીલા ગામની સીમમાં આવેલી પાણીની કેનાલમાં પોતાની જાતે ઝંપલાવી દીધું હતું. ઘટનાની જાણ બાદ હળવદ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. બનાવ અંગે પોલીસ તલાસમાં મૃતક યુવકની માતા સુમિત્રબેન સવજીભાઈ બારૈયાએ આપેલ વિગતોને આધારે પોલીસે અ. મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

લગ્ન વગર સાથે રહેતી મહિલાની ગૃહકલેશથી કંટાળી હત્યા કરી હોવાની યુવકની કબૂલાત

જેતપુરમાં પોલીસે પકડેલા હત્યાના આરોપીએ પૂછપરછ દરમિયાન વટાણા વેરી નાખ્યાઃ ગળે ટૂંપો દઈને લાશને ફેંકી દીધી હતીઃ પતિના મોત બાદ ચાર વર્ષથી સાથે રહેતી હતી મહિલા

મુખ્ય સમાચાર, જેતપુર

જેતપુર શહેરમાં ગઈ કાલે સામે આવેલા હત્યાના બનાવમાં રબારીકા રોડ પર ઉદ્યોગનગર વિસ્તારમાં આવેલા સગુણા પ્રિન્ટ નામના કારખાનામાં ગજાધરસિંહ ઉર્ફે 'મામુ' નામના શખ્સે તેની સાથે લગ્ન વગર છેલ્લા ચાર વર્ષથી પત્ની તરીકે રહેતી અનિતાબેન રાઠોડ (ઉ.વ. ૪૦)ને ઘરકંકાસમાં ગળેટૂંપો આપી મોતને ઘાટ ઉતારી દીધી હોવાનું તપાસમાં બહાર આવ્યું હતુ. હત્યા કર્યા બાદ આરોપીએ લાશને કારખાનાની પાછળની દિવાલ પાસે ફેંકી દીધી હતી. ઉદ્યોગનગર પોલીસે ગણતરીની કલાકોમાં જ આરોપીને દબોચી લીધો હતો.ગત ૧૧મી તારીખે પોલીસે અનિતાબેનનો ફોટો મોકલી તેની શંકાસ્પદ હાલતમાં લાશ મળી હોવાની જાણ કરી હતી. સુરતથી જેતપુર દોડી આવેલા ભાઈએ બહેનની ઓળખ કરી હતી. સુરત રહેતા મૃતકના ભાઈ જયેશભાઈ રાઠોડે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેની બહેનના પ્રથમ પતિના અવસાન બાદ તે ગજાધરસિંહ સાથે રહેતી હતી. અનિતાબેન અને ગજાધરસિંહ તાજેતરમાં જ કામે આવ્યા હતા અને તેમને રહેવા માટે ઓરડી આપવામાં આવી હતી. ગત તા. ૧૦ના રોજ સવારે અનિતાબેન દેખાયા ન હોવાથી ગજાધરસિંહને પૂછતા તેણે ગોળ-ગોળ જવાબ આપ્યા હતા. જોકે, પોલીસ તપાસમાં કારખાનાની દિવાલ પાછળ આવેલી ખુલ્લી ઓરડીમાંથી મહિલાની લાશ મળી આવી હતી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

રાજકોટમાં ઉતરાયણનું પર્વ બન્યું લોહીયાળઃ અનૈતિક સંબંધનો કરૂણ અંજામ, યુવકની સરાજાહેર હત્યા



લગ્ન વગર સાથે રહેતી મહિલાએ ચાર મહિના પહેલા તરછોડી દીધા બાદ ખેલાયો ખુની ખેલઃ મહિલા અને તેનો પ્રેમી પોલીસના સકંજામાં

મુખ્ય સમાચાર, રાજકોટ

ભારત દેશમાં પૌરાણીક માન્યતાઓ મુજબ ઉતરાયણનું પર્વ દાન-પુન કરવાનું ખૂબ મહત્વ હોય અને આ દિવસે જીવ હત્યા ન થાય તે માટે જીવદયા પ્રેમીઓ પ્રયત્ન સીલ રહેતા હોય છે અને શહેરમાં પણ શાંતિપૂર્ણ રીતે ઉતરાયણનો પર્વ શહેરીજનો ઉજવી શકે તે માટે પોલીસ પણ સર્તક બની સતત પેટ્રોલીંગ કરી કોઇ અનઇચ્છીય બનાવ ન બને તે માટે કાર્યવાહી કરી રહી હોય તેવામાં રાજકોટ શહેરમાં ઉતરાયણનું પર્વ લોહીયાળ બન્યું હતું. પ્રેમ પ્રકરણમાં મહિલાએ લગ્ન વગર સાથે રહેતા યુવકને તરછોડી દઇ અન્ય શખ્સના પ્રેમમાં પડી હોય જેના પગલે આ ખુની ખેલ ગઇકાલે ઉતરાયણના પર્વ દરમ્યાન સહકાર રોડ પર ખેલાયો હતો. મહિલા અને તેના પ્રેમીએ સરાજાહેર છરીના ઘા ઝીંકી દેતા બાવાજી યુવાનને સારવારમાં ખસેડયા બાદ કરૂણ મોત નિપજયુ હતું. બનાવ બાદ પોલીસે મહિલા સહિત બે શખ્સોને સકંજામાં લઇ આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ કાલાવડ તાલુકાના નાનીવાવડી ગામે રહેતા રમણીકપરી નારણપરી ગોસ્વામી (ઉ.વ.૬૩) નામના બાવાજી વૃધ્ધે ભક્તિનગર પોલીસમાં વર્ષા ગોપાલ ગઢવી નામની મહિલા અને તેનો પ્રેમી દર્શન ઉર્ફે ભૂદેવ નામના બે ઇશમો વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે કે, અગાઉ તેનો પુત્ર સાવન ગોસ્વામી અને વર્ષા ગઢવી પતિ-પત્ની તરીકે લગ્ન કર્યા વગર સાથે રહેતા હોય. ચારેક મહિના પહેલા વર્ષા ગઢવી સાથે સાવનને મનમેળ ન રહેતા બન્ને અલગ થઇ ગયા હોય અને વર્ષા ગઢવી તેના પ્રેમી દર્શન ઉર્ફે ભૂદેવ સાથે રહેતી હોય જેથી ખુન્નસમાં આવી અગાઉ સાવને વર્ષા ગઢવી ઉપર છરી વડે હુમલો કર્યો હોય જે અંગે ભક્તિનગર પોલીસમાં નોંધાઇ હતી. ત્યારબાદ અવારને અવાર વર્ષા ગઢવીને તેનો પૂર્વ પ્રેમી સાવન ગોસ્વામી હેરાન કરતો હોય જે બાબતનો ખાર રાખી ગઇકાલે વર્ષા ગોપાલ ગઢવી અને તેનો પ્રેમી દર્શન ઉર્ફે ભૂદેવ સહકાર રોડ પર ગણેશ પાન કોલ્ડ્રીન્સ નામની દુકાન પાસેથી પસાર થઇ રહ્યા હતા ત્યારે સાવન રમણીકપરી ગોસ્વામીને ભેટો થઇ ગયો હતો અને ત્રણેય વચ્ચે માર-ામારી થઇ હતી. ત્યારે વર્ષા ગઢવી અને તેના પ્રેમી દર્શન ઉર્ફે ભૂદેવે સરાજાહેર છરીના આડેધડ પાંચથી સાત ઘા સાવનને ઝીંકી દેતા તેને ગંભીર ઇજા થતા તેનું ઘટના સ્થળે મોત નીપજયું હતું. બનાવબાદ વર્ષા ગઢવી અને તેનો પ્રેમી દર્શન ઉર્ફે ભૂદેવ ઉપરોક્ત સ્થળેથી નાસી ગયા હતા. ઘટનાના પગલે ભક્તિનગર પોલીસના પીઆઇ એમ.એમ.સરવૈયા, પીએસઆઇ જે.જે.ગોહિલ, એએસઆઇ નિલેશભાઇ મકવાણા સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી જઇ પ્રાથમીક તપાસ હાથ ધરી બનાવ અંગે ઉચ્ચ અધિકારીઓને જાણ કરવામાં આવતા ડીસીપી ક્રાઇમ સહિતનો ઉચ્ચ અધિકારીઓનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો.

ઉતરાયણના પર્વ દરમ્યાન અનૈતિક સંબંધોના કારણે ખેલાયેલા ખુની ખેલમાં યુવાનની હત્યા કરનાર વર્ષા ગઢવી અને દર્શન ઉર્ફે ભૂદેવને પોલીસે ગણતરીની કલાકોમાં સકંજામાં લઇ વધુ તપાસ હાથ ધરી છે.

ગોંડલમાં મકરસંક્રાંતીનું પર્વ બન્યું લોહિયાળઃ એકની લોથ ઢળી, ત્રણ ઈજાગ્રસ્ત

બે પરિવારો લાકડી અને તીક્ષણ હથિયારો લઈ સામસામે આવ્યાં, હોસ્પિટલે ઘર્ષણના દ્રશ્યો સર્જાયાઃ પોલીસ દોડી ગઈ

મુખ્ય સમાચાર, ગોંડલ

રાજ્યભરમાં જ્યારે મકર સંક્રાંતિની ઉજવણી થઈ રહી હતી, ત્યારે ગોંડલના ભગવતપરા ગેઈટ વાળી શેરીમાં માતમ છવાઈ ગયો હતો. પતંગ ચગાવવા જેવી નજીવી બાબતે એક જ જ્ઞાતિના બે પક્ષો સામસામે આવી જતાં તીક્ષણ હથિયારો વડે હુમલો કરવામાં આવ્યો હતો. આ સંઘર્ષમાં એક યુવાનની હત્યા થતા તહેવારનો આનંદ શોકમાં ફેરવાયો હતો.

મકર સંક્રાંતિના દિવસે ભગવતપરામાં બે પરિવારો પોતપોતાના મકાનની અગાસી પર પતંગ ચગાવી રહ્યા હતા. આ દરમિયાન કોઈ અગમ્ય કારણોસર બંને પક્ષો વચ્ચે બોલાચાલી થઈ હતી. વિવાદ એટલો વકર્યો કે બંને પક્ષના લોકો લાકડી અને તીક્ષ્ણ હથિયારો સાથે શેરીમાં ઉતરી આવ્યા હતા.

આ હિંસક અથડામણમાં કુલ ૪ વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જેમાં ગંભીર રીતે ઘવાયેલા અનિલ પૂંજા લુણસિયા (ઉંમર ૩૦)ને વધુ સારવાર માટે રાજકોટ રિફર કરવામાં આવ્યા હતા, પરંતુ હોસ્પિટલ પહોંચતા પહેલા જ રસ્તામાં તેમનું મોત નીપજ્યું હતું.

ભગવતપરામાં થયેલી બે પરિવાર વચ્ચેની મારામારીમાં એક યુવકની લોથ ઢળી હતી જ્યારે સામાપક્ષે કાંતિભાઈ ઉકાભાઈ મકવાણા (ઉંમર ૫૦), સાગરભાઈ કાંતિભાઈ મકવાણા (ઉંમર ૨૩), સુનિલભાઈ કાંતિભાઈ મકવાણા (ઉંમર ૨૫) ઇજા થતા સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. બનાવના પગલે પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી જઇ ચાપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

બનાવ બાદ જ્યારે બંને પક્ષના ઈજાગ્રસ્તોને સારવાર માટે ગોંડલ સિવિલ હોસ્પિટલ લાવવામાં આવ્યા, ત્યારે ત્યાં પણ સ્થિતિ તંગ બની હતી. હોસ્પિટલના ઇમરજન્સી વિભાગમાં બંને પક્ષો ફરી એકવાર આમને-સામને આવી જતાં ઉગ્ર બોલાચાલી અને ઘર્ષણના દ્રશ્યો સર્જાયા હતા. મોટી સંખ્યામાં લોકોના ટોળા એકઠા થઈ જતાં હોસ્પિટલ તંત્ર અને સુરક્ષા વ્યવસ્થા પર દબાણ વધ્યું હતું.

ઘટનાની જાણ થતા જ ગોંડલ શહેર એ ડિવિઝન અને બી ડિવિઝન પોલીસનો કાફલો તાત્કાલિક હોસ્પિટલ અને ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે હોસ્પિટલમાંથી ભીડને વિખેરી પરિસ્થિતિ પર અંકુશ મેળવ્યો હતો. યુવાનના મોતને પગલે પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપીઓની ધરપકડ કરવા માટે વિવિધ ટીમો બનાવી તપાસ તેજ કરી છે. હાલ ભગવતપરા વિસ્તારમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

ગુજસીટોકના ગુનામાં 'બાટલી ગેંગ'ના વધુ ચાર શખ્સો ઝડપાયાઃ ધરપકડનો આંક ૧૪ પર પહોંચ્યો

એક આરોપીનો ગોંડલ જેલમાંથી કબ્જો લીધા બાદ ત્રણની ધરપકડ કરાઈ

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગડીયા દ્વારા શહેર વિસ્તારમાં બાટલી ગેંગ નામની ટોળકીના સાગરીતો દ્વારા ખૂન, ખૂનની કોશિશ, ધમકીઓ, અપહરણ, ઘરફોડ ચોરીઓ, ફરજમાં રૂકાવટ તેમજ એન.ડી.પી.એસ. જેવા ગુનાઓ ગંભીર ગુનાઓ આચરી આમ નાગરીકોમાં ભયનું વાતાવરણ ઉભું કરવામાં આવેલ હોય જે સંગઠીત ગુના આચરતી ટોળી ને નિયંત્રણમાં લેવા માટે ગંભીર પ્રકારના ગુન્હાઓ આચરતા શખ્સનો ગુન્હાહિત ઈતિહાસ મેળવી અને આવા ગંભીર ગુન્હાઓ કરવામા તેઓને કયા કયા આરોપીઓની મદદ મેળવેલ તથા કોની કોની સાથે તે સળંગ ગુન્હાઓ આચરે છે.

તેની માહિતી મેળવવાની આપેલ સૂચનાથી ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવાના માર્ગદર્શન હેઠળ ટીમે શહેરમાં છેલ્લા ઘણા વર્ષોથી સાવન ઉર્ફે લાલી સંજય વાઘેલા (રહે. વાલ્મીકી વાડી શેરી નં ૦૩ કનૈયા હોટલ વાળી જામનગર રોડ, રાજકોટ) પોતાની ગુનાહીત પ્રવૃતિ ચલાવવા માટે પોતાના ગુનેગાર સાગરીતો સાથે મળી ગુનાઓ આચરવા માટે સંગઠીત ગુના આચરતી ટોળી બનાવેલ જે બાટલી ગેંગ તરીકે ઓળખાય છે.જેમાં નવ આરોપી અગાઉ પકડાયા બાદ બાકી રહેલા શિન ભરત ખવલીયા (રહે. ખીરસરા, મેટોડા) ની ગોંડલ જેલમાંથી કબ્જો લીધો હતો. જ્યારે જાહિર મહમદ રફીક સંઘવાણી (રહે. રૂખડીયા પરા), કરણ મોહન અઠવલે (પોપટપરા) અને સુજલ દિપક પરમાર (નવા થોરાળા) ની પ્ર.નગર પોલીસ મથકના પીઆઈ વી.આર.વસાવા અને ટીમે ધરપકડ કરી આગળની કાર્યવાહી આદરી હતી.

૧૩ વર્ષની તરૂણીનું અપહરણ કરી દુષ્કર્મ આચરવાના કેસમાં આરોપી નિર્દોષ મુકત

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટના કુવાડવા ગામમાં રહેતા પરિવારની ૧૩ વર્ષની સગીર પુત્રીને લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી બદકામ કરવાના ઈરાદે અપહરણ થયા અંગે માતાએ કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં પોકસો એકટની કલમ ૪, ૬ અને આઈપીસી મુજબ ફરીયાદ નોંધાવી હતી. જેના અનુસંધાને પોલીસે તપાસ કરતા સગીરાને કચ્છ મુકામે રહેતા જયેશ વેલાભાઈ કોળી સાથે પ્રેમ સંબંધ હોય જેથી સગીરાને આરોપી સાથે લગ્ન કરવા હોય, જેથી રાજકોટથી કચ્છ મુકામે ગયેલ. જયાં બસ સ્ટેન્ડે ભોગ બનનાર આરોપીની રાહ જોઈને બેઠા હોય ત્યારબાદ આરોપી ત્યાં આવી પોતાની સાથે બનાસકાંઠાના કાંકરેજ તાલુકાના તાતીયાણા ખાતે લઈ ગયેલ અને એક ઓરડીમાં ભોગ બનનારની ઈચ્છા વિરૂધ્ધ આરોપીએ અવાર નવાર શરીર સંબંધ બાંધેલાની હકીકત તપાસમાં ખુલવા પામતા તેમજ સગીરા આરોપી સાથે હોવાની હકીકત ખુલવા પામતા આરોપીની ધરપકડ કરીને રાજકોટ સ્પે. પોકસો કોર્ટના જજ સમક્ષ રજૂ કરતા આરોપી ન્યાયીક હિરાસતમા મોકલી અપાયો હતો. જે કેસ ચાલવા ઉપર આવતા આ કામમાં ફરીયાદ પક્ષ તરફથી કુલ-૭ સાહેદોને તપાસવામાં આવેલ તેમજ ૧૬-ડોક્યુમેન્ટરી પુરાવાઓ રજુ કરવામાં આવેલ, આ કામમાં અતિ મહત્વના ગણતા સાહેદ એટલે કે ભોગ બનનારની કોર્ટ સમક્ષ બચાવ પક્ષ દ્વારા કરવામાં આવેલી ઉલટ તપાસમાં બનાવથી વિપરીત હકીકત રેકર્ડ પર આવેલ, તેમની જુબાની શંકાશીલ હોવાનું કોર્ટના રેકર્ડ પર લાવેલ, જેથી સરકાર પક્ષ પોતાનો કેસ શંકારહીત સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ. હોવાના મતલબની દલીલો ધ્યાનમાં લઈ આરોપી જયેશ વેલાભાઈ કોળીને સ્પે. પોકસો કોર્ટના જજે શંકાનો લાભઆપી સદરહું ગુન્હામાં નિર્દોષ છોડી મુકવાનો હુકમ ફરમાવેલ છે.

આ કામમા આરોપી વતી એડવોકેટ જિજ્ઞેશ એમ. સભાડ, રણજીત બી. મકવાણા, યોગેશ એ.જાદવ તથા મદદનીશમાં અભય ચાવડા, વિક્રમ કિહલા, સંજય મકવાણા, વિશાલ ડેડાણીયા, ગૌરવ જરીયા રોકાયા હતા.

હેર સલુનના સંચાલકને લોન આપવાની લાલચ આપી ટોળકીએ ૩૨ લાખ ખંખેર્યા

કરોડોની લોન લેવા સુરત પહોંચેલા યુવાનને ચીટર ગેંગનો ભેટો થઈ ગયો; પોલીસ ફરિયાદ

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટ શહેરના માધાપર ચોકડી પાસે ક્રાંતિવીર ટાઉનશીપમાં રહેતા ભવ્ય મનસુખભાઈ વિઠલાપરા (ઉ.૨૪)ના પત્ની દ્રષ્ટીબેન છે જે ગ્રાફિક ડીઝાઈનનુ કામ કરે છે તથા તેમના મમ્મી મનિષાબેન ઘરકામ કરે છે તથા દાદી જયાબેન જેઓ નિવૃત જીવન જીવે છે તેમજ બહેન ઈશીતાબેન તેણીના સાસ-રીમા રહે છે અને પિતાજી મનુસુખભાઈ પાંચેક વર્ષ પહેલા હાર્ટ એટેકના કારણે મરણ ગયેલ અને ભવ્ય રાજકોટના આકાશદિપ મેઈન રોડ ઉમિયાચોક પાસે જલી હેર સલુનની દુકાન ચલાવે છે.તેમની દુકાને આવતા કાર્તિક હસમુખભાઈ બાવીશી સાથે ઓળખાણ થઈ હતી. ભવ્યને કાર્તિક જમીન મકાનની દલાલી કામ કરુ છું. તમે મોટું સાહસ કરે,હું તમને કાર્તિક કરોડો રૂપિયાની લોન સસ્તા વ્યાજે અપાવવાની વાત કરી વિશ્વાસમાં લેવામાં આવ્યા હતા. લોન પ્રક્રિયા માટે તેમને સુરત માટે કાર્તિક તેમને સુરત શહેરના મોટાવરાછા સ્થિત પાર્ટીદાર ચોકમાં રહેતા રસિક ઉર્ફે આર કે પાસે કાર લઈને મળવા લઈ ગયો હતો. બાદમાં મુંબઈમાં રહેતા શોએબ અને આયુષ અગ્રવાલ સાથે સંપર્ક કરવામાં આવ્યો હતો. આ લોકોએ સાત કરોડની લોન માત્ર ૪ ટકાના દરે અપાવવાનું નક્કી કર્યું હતું. જેમાં વકીલ ફી, ટ્રાન્સફોર્ટેશન ચાર્જ, બોર્ડ ચાર્જ સહિતના બહાને જુદા જુદા રૂપિયાની માંગણી કરી હતી. રાજકોટના ભવ્ય વિઠલપરાએ આંગડીયા પેઢી તેમજ ઓનલાઈન ટ્રાન્જેક્શન મારફતે વારંવાર રકમ ચુકવી હતી. જેમાં તેની કાર પણ ગીરવે મુકી દીધી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ કાર્તિક બાવીશીને રૂ૨.૬૦, રસીક ઉર્ફેઆરકેને રૂ.૪.૩૦ લાખ અને શોયેબ અને આયુષ અગ્રવાલને કુલ રૂ.૨૫.૫૫ લાખ ચુકવ્યા હતા.આમ કુલ રૂ ૩૨.૪૫ લાખની રકમ લોન પેટે ચુકવ્યા હતા. સમયાંતરે લોન અંગે પુછપરછ કરતાં કોઈ પ્રત્યુતર નહીં આપતા અંતે ભવ્યએ ઉત્રાણ પોલીસ મથકમાં કાર્તિક હસમુખભાઈ બાવીશી, રસીક ઉર્ફે આર.કે. વિનુભાઈ ખેની અને શોયેબ, આયુષ અગ્રવાલ વિરુધ્ધ ફરિયાદ નોંધાવી છે. રાજકોટના ભવ્ય વિઠલપરાને મોટું સાહસ કરવા માટે સસ્તા વ્યાજ દરે કરોડો રૂપિયા લોન પેટે આપવાનું કહીને કાર્તિક બાવીશીએ મોટાવરાછાના આર.કે. નામના શખ્સ સાથે મેળાપ કરાવ્યો હતો. જેમાં આર.કે.એ મુંબઈની હોટલમાં લઈ જઈને સાંસદ અશોકકુમાર યાદવના પી.એ.શોયેબ અને આયુષ અગ્રવાલ પાસે બ્લેકના નાણા પડયા છે. જે નાણા લોન પેટે આપવાનું કહીને ભવ્ય પાસેથી કુલ રૂ. ૩૨.૪૫ લાખની રકમ પડાવી હતી.

કડીયાકામ કરતા યુવકને મેસન કલબ મંડળીના સંચાલક સહિત ત્રિપુટીએ ત્રાસ આપતા આત્મહત્યા કરી

મુખ્ય સમાચાર, રાજકોટ

કોઠારીયા ગામ શીવમ પાર્ક શેરી નં ૩ ડાયમંડ પાર્ટી પ્લોટની સામે રહેતા અરૂણભાઈ ઉર્ફે અમિત કાનજીભાઈ સાકરીયાએ યુનિ. પોલીસમાં મેસન કલબ મંડળીના સંચાલક પરાગ સોલંકી, આર્કિટેક તોફીક બેલીમ અને રામેશ્વર માર્બલ વાળા રાજભા ગઢવી સહિત ત્રણ સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત.૨૮/૧૨/૨૫ના સાંજે સાતેક વાગ્યે તેના મોટાભાઈ હાદિક પોતે આપઘાત કરવા અટલ સરોવર બાજુના રસ્તે ગયા હોવાનો તેના કારીગર સુરેશ ફોન કરી જણાવેલ હતું.બાદ તેને મોટાભાઈને ફોન કરતા સંપર્ક થઈ શકયો ન હતો.જેથી યુવકે તેના ફુઈના દિકરાઓને ફોન કરી મોટાભાઈ હાર્દીકને ગોતવા નીકળ્યા હતા.દરમ્યાન કટારીયા ચોકડી જવાના રસ્તે માધવ ચોક પાસે મોટાભાઈનું બાઈક પડયું હતુ.અને તે નીચે ફુટપાથ પર બેઠા હતા.તેને પૂછતા જણાવ્યું કે હું કંટાળી ગયો છું. મે એસીડ પી લીધું છે જેથી તેની તબીયત લથડતા તાકિદે સારવાર અર્થે ખાનગી હોસ્પિ.માં ખસેડયા હતા.

ત્યાં ભાઈએ જણાવ્યું કે મેસન કલબ મંડળીમાંથી ભાઈ તથા અલ્પેશે વર્ષ ૨૦૧૭માં વેરાવળના ફલેટના દસ્તાવેજ પર મોર્ગેજ લોન રૂ.૪ લાખ લીધેલ બાદ વર્ષ ૨૦૨૩માં ભાઈ તથા અલ્પેશને ફરિ પૈસાની જરૂર પડતા પર્સનલ લોન રૂપિયા ૨ લાખ મળી કુલ ચાર લાખની લાખની લોન લીધી હતી. દરમ્યાન ગામડાની જમીન વેચી દઈ અગાઉ લીધેલ મોર્ગેજ લોન રૂ.૪ લાખ પુરી કરી દીધેલ છતાં પરાગે મોર્ગેજના કાગળો આપેલ નહીં અને ભાઈની પર્સનલ લોનને અગાઉ લીધેલ મોર્ગેજ લોન પેટે આપેલ દસ્તાવેજ પર ટ્રાન્સફર કરી આપવાનું જણાવેલ અને જે લોનના જામીન પેટે ભાભી નિલમબેનના બેંક ખાતાના કોરા ૧૦ ચેકો લીધેલા હોય જે પરત માંગતા આપેલ નહીં વર્ષ ૨૦૨૫માં અલ્પેશે પરાગ સહિત અન્ય માણસોના ત્રાસથી આપઘાત કરી લેતા લોનના ભરવાના પૈસા બાકી હોય જેથી પરાગે રાજકોટ અને લોધિકા કોર્ટમાં ચેક બાઉન્સની ફરિયાદ નોંધાવેલ તેમજ ભાભી નિલમબેન સામે મોરબી કોર્ટમાં ફરિયાદ કરેલ બાદ આર્કિટેકે પણ જે જગ્યાએ મોટાભાઈએ કામ રાખેલ ત્યાં ૨.૫૦ લાખનું નુકશાન કરાવી ત્રાસ આપ્યો હતો.અને રાજભા ગઢવીએ બાકીના પૈસા આપી દેવા ધમકી આપી હોવાથી અંતે કંટાળી પગલું ભરી લીધું હોવાનું જણાવતા પોલીસે ત્રિપુટી સામે મરવા મજબુરનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મિલપરાની હોટેલમાં ફૂટણખાનું ચાલતું હોવાના સમાચાર સંચાલકે છપાવ્યાની શંકાએ બે પક્ષો વચ્ચે મારામારી

હોટેલના કર્મચારી પર અન્ય હોટેલ સંચાલક સહિત ત્રણનો હોકી અને પાઈપથી હુમલો કરી માર માર્યાની સામસામે એ-ડિવિઝન પોલીસમાં ફરીયાદ નોંધાઇ

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેરના બસ સ્ટેન્ડ પાછળ હોટેલ ચલાવતા સંચાલક ગોવા ફરવા ગયેલ હોય અને અન્ય હોટેલમાં ફૂટણખાનું ચાલતું હોવાના સમાચાર સોશ્યલ મીડીયામાં હોટેલ સંચાલકે છપાવ્યા હોવાની શંકા કરેલ હોય જેથી સંચાલકની હોટેલમાં કામ કરતા કર્મચારીને અન્ય હોટેલ સંચાલક પાસે મોકલી તેના શેઠે આવા કોઈ સમાચાર છપાવ્યા ન હોવાની વાત કરતા ત્રિપુટીએ કર્મચારીને હોકી તથા પાઈપથી મારમાર્યો હોવાની અને સામા પક્ષે હોટલ સંચાલક સહિતના યુવાનો પર હુમલો કર્યાની સામસામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

શહેરના એસ.ટી. બસ સ્ટેશન પાછળ હોટેલ મૂન ખાતે રહેતાં મૂળ દેવભૂમિ દ્વારકાના કલ્યાણપુર તાબેના પ્રેમસર ગામના રહેવાસી વિજય કરશનભાઈ ગોજિયાએ એચ.આર. કિંગ હોટેલના સંચાલક હિરેન પ્રજાપતિ અને તેનો ભાઈ મયૂર પ્રજાપતિ તેમજ વિશાલ નેપાળી સહિત ત્રણ સામે એ ડીવીઝન પોલીસમાં નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે શેઠ ભાવેશભાઈ ગોવા ફરવા ગયેલ હતા હોવાથી હોટેલનું કામકાજ હું તથા મેનેજર સંભાળી છીએ ગત.તા.૧૧મીએ એક સોશિયલ મીડિયા પેજ ઉપર એચ.આર. કિંગ હોટેલ મિલપરા ખાતે ફૂટણખાનું ચાલે છે તેવા ન્યૂઝ પ્રસારિત થયા હતા અને આ ન્યૂઝવાળા વિશ્વજિત શેઠ ભાવેશના મિત્ર છે. તેથી એચ.આર. કિંગ હોટેલવાળા હિરેન પ્રજાપતિએ મારા શેઠને જણાવેલ કે, તમારા મિત્ર વિશ્વજિતભાઈના ન્યૂઝમાં અમારી હોટેલ એચ.આર. કિંગમાં ફૂટણખાનું ચાલે છે તેવું છપાવેલ છે. જેથી શેઠે મને ગોવાથી ફોન કરી હિરેનને જણાવવા કહ્યું કે, તેણે હોટેલ વિશે ન્યૂઝમાં કોઈ માહિતી આપેલ નથી.' જેથી શેઠના કહ્યા મુજબ હું મિલપરામાં હિરેનને મળવા ગયો હતો ત્યાં બોલાચાલી થતા હું ત્યાંથી નાસી ગયો હતો.બાદમાં મેનેજર ગૌરાંગભાઈનો મને ફોન આવેલ તને ત્રણ અજાણ્યા શખ્સ હોટેલે મળવા આવ્યા હોવાનું જણાવ્યું હતું. જેથી પોતે દસેક વાગ્યાની આસપાસ હોટેલ મૂન ખાતે જતો હતો તેવામાં ખોડિયાર હોટેલવાળી શેરી પાસે પહોંચતા હિરેન, તેનો ભાઈ મયૂર તથા વિશાલ નેપાળી સહિતનાએ મને રસ્તામાં આતંરી હોકી તથા પાઈપથી મારમાર્યો હોવાનું જણાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જયારે સામાપક્ષે હોટલ એચઆરકિંગનું સંચાલન કરતો અને બાપાસીતારામ ચોક આદેશ એવન્યુ મવડી ચોકડી પાસે રહેતો હિરેન કિશોર રૂડકીયા નામના પ્રજાપતિ યુવાને વળતી ફરીયાદમાં હોટલ મુનનો કર્મચારી વિજય કરશન ગોજીયા તથા ત્રણ અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે કે, બસ સ્ટેશન પાછળ ખોડીયાર હોટલવાળી શેરીમાં હતા ત્યારે હોટલ એચઆરકીંગમાં ચાલતા હોવાના સમાચાર સોશિયલ મીડિયામાં વાયરલ થયા હોય જે બાબતે વિજય અને અન્ય ત્રણ શખ્સો વાતચીત કરવા આવ્યા હતા ત્યારે લોખંડના પાઈપ અને લાકડી વડે હુમલો કરી સાહેદ મયુર તથા વિશાલ સહિત ત્રણેયને શરીરે નાની-મોટી ઇજા કરીને નાશી જતા બન્ને પક્ષે સામસામે એ-ડિવિઝન પોલસમાં ફરીયાદ નોંધાયા બાદ પીએસઆઇ ડી.વાય.મહંતે તપાસ હાથ ધરી છે.

રાજકોટ-મોરબી હાઇવે પર બે કાર વચ્ચે અકસ્માતઃ બે ભૂલકાઓએ જીવ ગુમાવ્યા

સ્કોર્પિયોએ I-20ને ટક્કર મારતા કારનો બુકડો બોલાયો, બે પરિવારના ૪ લોકો ઈજાગ્રસ્ત

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટ-મોરબી હાઈવે પર ૧૪ જાન્યુઆરીની મોડી રાત્રે સ્કોર્પિયો અને I-20 કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત થયો હતો. આ અકસ્માત એટલો ભયાનક હતો કે સ્કોર્પિયો કારનો બુકડો બોલાઈ ગયો હતો. આ ઘટનામાં બે બાળકોના ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યા હતા, જ્યારે અન્ય ૪ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. વાછકપર બેડી ગામના મોક્ષ બાબરીયા (ઉ.વ. ૩) અને વાંકાનેર ગામની શ્રેયા મદરેસણીયા (ઉ.વ. ૯)નું મોત નિપજ્યું છે.

મળતી માહિતી મુજબ રાજકોટ નજીક બેડી વાછકપર ગામે રહેતા બાબ-રીયા પરિવાર ગઈકાલે મકરસંક્રાંતિ પર્વ મનાવવા વાંકાનેર ખાતે રહેતા તેમના સંબંધીના ઘરે ગયો હતો અને મોડી રાત્રે પોતાના ગામ બેડી વાછકપર પરત આવતો હતો. આ દરમિયાન I-20 કારમાં તેમની સાથે મદરેસણીયા પરિવાર પણ હતો. ત્યારે કાગડદી પાટિયા પાસે વળાંક લેતા સમયે રાજકોટ તરફતી આવતી સ્કોર્પિયો કાર (GJ-04-FA-7771)એ I-20 કારને અડફેટે લીધી હતી. I-20માં સવાર બંને માસીયાઈ ભાઈ-બહેનના મોત નિપજ્યા હતા. જ્યારે ગાડીમાં સવાર અન્ય પરિવારજનો ઈજાગ્રસ્ત થતા તેમને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતમાં મૃત્યુ પામેલા બંને બાળકોના મૃતદેહને રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા અને આ બનાવ અંગે પોલીસને જાણ કરી હતી.

પોલીસે બેડી વાછકપર ગામે રહેતા મોક્ષ બાબરીયા (ઉ.વ. ૩) અને વાંકાનેર રહેતી શ્રેયા મદરેસણીયા (ઉ.વ. ૯)નું પોસ્ટમોર્ટમ કરાવી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે સ્કોર્પિયો કારના ચાલક સામે ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે.